વાદ-વિવાદ માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે

દર ગુરૂવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું નીડર અને નિષ્પક્ષ સાપ્તાહિક

॥ જય અંબે ॥

PRGI No : GUGUJ/26/A7414

www.crimereportnews.info

# કેપીટલ રિપોર્ટ્સ

EDITOR : SATHWARA HITESH HELP LINE NO. : 9624404095 CAPITAL REPORTS (GUJARATI WEEKLY) સાપ્તાહિક

YEAR : 1 ★ Issue No. : 01 ★ DATE : 03-09-2026, Thursday ★ PAGE : 4 ★ PRICE : 4/- ★ Email :- hitu25989@gmail.com

PLACE OF PUBLICATION : 99, MAHADEV VAS-2, NEAR SHARK MARKET, NAVA BADAJ, NARANPURA BISTAR, AHMEDABAD, GUJARAT-380013.

### યુક્રેન યુદ્ધના અંત માટે શાંતિની અપીલ

# બિશ્કેકમાં પીએમ મોદી અને પુતિન વચ્ચે બેઠક યોજાઇ

## બંને દેશોની ટીમો અગાઉ થયેલા કરારો અને સમજૂતીઓને અમલમાં મૂકવા માટે કામ કરી રહી હોવાનું પીએમ મોદીએ જણાવ્યું

બિશ્કેક,

કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં યોજાયેલી ૨૬મી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. બંને નેતાઓ વચ્ચે વૈશ્વિક પરિસ્થિતિ, રશિયા-યુક્રેન યુદ્ધ, ભારત-રશિયા આર્થિક સંબંધો અને સાંસ્કૃતિક સહયોગ સહિતના મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.

બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ યુક્રેન સંઘર્ષનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવાની ભારતની પ્રતિબદ્ધતા ફરી વ્યક્ત કરી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે યુદ્ધમાં પસાર થતો દરેક દિવસ માનવતાને પાછળ ધકેલે છે, જ્યારે શાંતિ તરફ આગળ વધેલું દરેક પગલું નવી આશા ઊભી કરે છે.

પીએમ મોદીએ ભારતના પરંપરાગત શાંતિ સંદેશનો ઉલ્લેખ કરતાં કહ્યું કે ગાંધી અને બુદ્ધની ધરતીનો સંદેશ શાંતિનો માર્ગ અપનાવવાનો છે. ભારત યુક્રેન યુદ્ધના શાંતિપૂર્ણ ઉકેલ માટેના તમામ પ્રયાસોને સમર્થન આપતું રહ્યું છે અને આગળ પણ આપતું રહેશે.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે રશિયા-યુક્રેન સંઘર્ષને લઈને વૈશ્વિક સ્તરે રાજદ્વારી પ્રયાસો ચાલી રહ્યા છે. ભારતે શરૂઆતથી જ સંવાદ અને કૂટનીતિ દ્વારા વિવાદનો ઉકેલ લાવવાની તરફેણ કરી છે.

મોદી અને પુતિને દ્વિપક્ષીય આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવવાની દિશામાં પણ ચર્ચા કરી. બંને દેશોની ટીમો અગાઉ થયેલા કરારો અને સમજૂતીઓને અમલમાં મૂકવા માટે કામ કરી રહી હોવાનું પીએમ મોદીએ જણાવ્યું.

ઊર્જા, વેપાર, ટેકનોલોજી, સંરક્ષણ અને અન્ય વ્યૂહાત્મક ક્ષેત્રોમાં



ભારત-રશિયા સંબંધો લાંબા સમયથી મહત્વપૂર્ણ રહ્યા છે. આવી સ્થિતિમાં બંને નેતાઓની મુલાકાત આગામી સહકાર માટેનો રોડમૅપ નક્કી કરવામાં મહત્વની બની શકે છે.

પીએમ મોદીએ રશિયન રાષ્ટ્રપતિ પુતિનને નવી દિલ્હીમાં યોજાનારી આગામી BRICS સમિટ માટે ભારત આવવાનું આમંત્રણ પણ આપ્યું. આ આમંત્રણ ભારત-રશિયા વચ્ચેના સતત ઉચ્ચસ્તરીય રાજદ્વારી સંપર્કને દર્શાવે છે.

આગામી મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે વેપાર, રોકાણ, સંરક્ષણ અને વૈશ્વિક મુદ્દાઓ પર વધુ ચર્ચા થવાની શક્યતા છે.

બિશ્કેકમાં મોદી અને પુતિનની મુલાકાતનું એક દૃશ્ય ખાસ ચર્ચામાં રહ્યું. બંને નેતાઓ વર્લ્ડ નોમેડ ગેમ્સ ૨૦૨૬ના ઉદ્ઘાટન સમારોહમાં એક જ કારમાં સવાર થઈને પહોંચ્યા હતા.

આ અનૌપચારિક ક્ષણે બંને દેશોના નેતાઓ વચ્ચેના વ્યક્તિગત સંબંધો અને રાજદ્વારી મિત્રતાનું ધ્યાન ખેંચ્યું છે.

અગાઉ પણ બંને નેતાઓ વચ્ચે આવી અનૌપચારિક મુલાકાતોના દૃશ્યો ચર્ચામાં રહ્યા હોવાથી તેને ફરીથી 'કાર ડિપ્લોમસી' તરીકે જોવામાં આવી રહી છે.

વર્લ્ડ નોમેડ ગેમ્સમાં ૧૧૦થી વધુ દેશોના ખેલાડીઓ અને પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે. આ આવૃત્તિમાં ૪૩ પરંપરાગત રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારત તરફથી ૮૭ સભ્યોનું પ્રતિનિધિમંડળ ભાગ લઈ રહ્યું છે, જેમાં ખેલાડીઓ ઉપરાંત સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

બિશ્કેકની આ મુલાકાતથી ભારત-રશિયા સંબંધો ઉપરાંત ભારતનો શાંતિ, સંવાદ અને બહુપક્ષીય સહકાર અંગેનો અભિગમ પણ સ્પષ્ટ થયો છે. મોદી-પુતિન બેઠક આગામી દ્વિપક્ષીય અને વૈશ્વિક રાજદ્વારી ચર્ચાઓ માટે મહત્વપૂર્ણ બની શકે છે.

### રશિયા-યુક્રેન યુદ્ધ વધુ ઉગ્ર બન્યું

# રશિયાનો કીવ પર ઘાતક હુમલો: એક ભારતીય સહિત ૧૨ લોકોના મોત

## ડઝનબંધ લોકો ઘાયલ થયા છે, કીવમાં સતત છઠ્ઠા દિવસે હુમલા થતા ભારે અફરાતફરીનો માહોલ છે

નવી દિલ્હી,

રશિયા-યુક્રેન યુદ્ધ વધુ ઉગ્ર બન્યું છે. રશિયન સેનાએ યુક્રેનની રાજધાની કીવ અને આસપાસના વિસ્તારોમાં મિસાઈલ-ડ્રોન હુમલા કર્યા. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ મંગળવારે જણાવ્યું કે, આ હુમલામાં ૧ ભારતીય સહિત કુલ ૧૨ લોકોના મોત થયા છે અને ડઝનબંધ લોકો ઘાયલ થયા છે. કીવમાં સતત છઠ્ઠા દિવસે હુમલા થતા ભારે અફરાતફરીનો માહોલ છે.

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં સ્થિતિ વધુ ગંભીર બની છે. રશિયન સેનાએ યુક્રેનની રાજધાની કીવ અને તેની આસપાસના વિસ્તારોમાં રાત્રિભર મિસાઈલ અને ડ્રોન વડે ભયાનક હુમલા કર્યા હતા. યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ મંગળવારે માહિતી આપતાં જણાવ્યું હતું કે આ હુમલાઓમાં કુલ ૧૨ લોકોના મોત થયા છે. આ ઘટનામાં ડઝનબંધ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જેના કારણે કીવમાં ફરી એકવાર ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો છે.

રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સકીના જણાવ્યા મુજબ, રશિયા દ્વારા કરવામાં આવેલા આ વિનાશક હુમલામાં જીવ ગુમાવનારા ૧૨ નાગરિકોમાં એક ભારતીય નાગરિકનો પણ સમાવેશ થાય છે. સતત છઠ્ઠા દિવસે રશિયન દળોએ કીવને નિશાન બનાવીને હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે. આ હુમલાના કારણે રાજધાની અને આસપાસના વિસ્તારોમાં યુદ્ધની ગંભીરતા અભૂતપૂર્વ સ્તરે પહોંચી ગઈ છે. જેનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ભારે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

રશિયન સેનાએ મધ્યરાત્રિએ કીવ શહેર અને સમગ્ર કીવ ક્ષેત્ર પર એકસાથે અનેક મિસાઈલો અને આત્મઘાતી ડ્રોન છોડ્યા હતા. ધમાકાના પ્રચંડ અવાજોથી આખું શહેર ગૂંજી ઊઠ્યું હતું. યુક્રેની સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, હુમલામાં અનેક બહુમાળી રહેણાંક ઈમારતો, નાગરિક પાયાની સુવિધાઓ અને અન્ય મકાનોને ભારે નુકસાન પહોંચ્યું છે. હુમલા બાદ સ્થળ પર આગ ફાટી નીકળતાં ઈમરજન્સી સેવાઓ અને રાહત ટુકડીઓને તુરંત બચાવ કામગીરીમાં જોડવામાં આવી હતી.

ઘટનાસ્થળે પહોંચેલી ઈમરજન્સી ટીમો દ્વારા કાટમાળ નીચે દબાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી ચાલુ રાખવામાં આવી છે.

ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે સ્થાનિક હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. યુક્રેનિય સત્તાવાળાઓએ નાગરિકોને એર રેડ એલર્ટ દરમિયાન સુરક્ષિત સ્થળોએ રહેવા અપીલ કરી છે. આ ભયાનક હુમલા બાદ ભારતીય નાગરિકના મોત અંગે વિદેશ મંત્રાલય દ્વારા સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

### અમદાવાદ એરપોર્ટ પર બેંગકોકથી લવાયેલો

# રૂા.૧.૯૦ કરોડનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો



અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સના AIU યુનિટે બેંગકોકથી આવેલી ફ્લાઈટમાંથી ૧.૯ કરોડ રૂપિયાનો ૧.૯૨૮ કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કર્યો છે. દંપતી બેગમાં વેક્યુમ-સીલ કરેલા ૧૦ પેકેટમાં આ ગાંજો લાવ્યા હતા. NDPS એક્ટ હેઠળ કસ્ટમ્સ વિભાગે દંપતીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. બેંગકોકથી ગેરકાયદે રીતે લાવવામાં આવેલો અંદાજે ૧.૯ કરોડ રૂપિયાની કિંમતનો ૧.૯૨૮ કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કરીને આ કેસમાં કસ્ટમ્સ અધિકારીઓએ દંપતીની ધરપકડ કરી છે.

મળતી માહિતી અનુસાર, બેંગકોકથી અમદાવાદ આવેલી થાઈ એરવેઝની ફ્લાઈટ (TG-343)ના મુસાફરોનું પેસેન્જર પ્રોફાઈલિંગ અને એક્સ-રે સ્કેનિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન એઆઈયુના અધિકારીઓએ બે મુસાફરોને અટકાવ્યા હતા. તેના સામાનની તપાસ દરમિયાન ટ્રોલી બેગમાંથી વેક્યુમ-સીલ કરેલા ૧૦ પેકેટ મળી આવ્યા હતા. આ પેકેટોની તપાસ કરતા તેમાંથી ૧,૯૨૮ ગ્રામ ઉચ્ચ ગુણવત્તા ધરાવતો હાઈડ્રોપોનિક ગાંજો મળી આવ્યો હતો. આ જથ્થાની ગેરકાયદે બજારમાં અંદાજિત કિંમત ૧.૯ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. કસ્ટમ્સ વિભાગે આ નશાકારક પદાર્થનો જથ્થો 'નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ' (NDPS) એક્ટ, ૧૯૮૫ હેઠળ જપ્ત કર્યો છે. સંક્રમિત માલસામાનના મૂળ સ્રોત અને આ કથિત દાણચોરીના નેટવર્કમાં સામેલ અન્ય લોકોની ઓળખ કરવા માટે કસ્ટમ્સ વિભાગે આગળની કાયદાકીય તપાસ શરુ કરી છે.

## હર્ષ સંઘવી વિરુદ્ધ ફેક પોસ્ટ મૂકનાર યુવક ઝડપાયો

નવસારી,

નવસારીના ગણદેવી તાલુકાના વણગામના હાર્દિક પટેલે સોશિયલ મીડિયા પર સસ્તા પબ્લિસિટી સ્ટંટ અને ફોલોઅર્સ વધારવાની ઘેલછામાં 'katha_vistar' ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિરુદ્ધ એક ફેક અને બનાવટી પોસ્ટ વાયરલ કરી હતી. આ ગંભીર બાબતને ધ્યાને લઈને નવસારી એલસીબી અને સાયબર ક્રાઈમની ટેકનિકલ ટીમે આધુનિક ડિજિટલ ટ્રેસિંગના આધારે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડ્યો છે.

પોલીસ પૂછપરછમાં આરોપીએ ઝડપી પ્રસિદ્ધિ મેળવવા માટે આ કૃત્ય કર્યાની કબૂલાત કરી છે, જ્યારે અગાઉ પણ તેના વિરુદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધાયેલ હોવાનું બહાર આવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સોશિયલ મીડિયા પર અફવાઓ ફેલાવનારાઓ સામે લાલ આંખ કરી છે. સોશિયલ મીડિયા પર સસ્તા પબ્લિસિટી સ્ટંટ અને ફોલોઅર્સ વધારવાની ઘેલછામાં ગુનાહિત કૃત્ય આચરતા તત્વો સામે નવસારી પોલીસે લાલ આંખ કરી છે.

### અયોધ્યા રામ મંદિરને મળ્યા પહેલા CEO

# એર માર્શલ જિતેન્દ્ર મિશ્રા રામ જન્મભૂમિ પરિસરના સંચાલનની મહત્વની જવાબદારીઓ નિભાવશે

## જિતેન્દ્ર મિશ્રા આગામી સમયમાં રામ મંદિર સંકુલની દૈનિક ગતિવિધિઓને નવી ઊંચાઈ આપશે તેવી શ્રદ્ધાળુઓ અને ટ્રસ્ટના સભ્યોને સંપૂર્ણ અપેક્ષા

અયોધ્યા,

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરના દૈનિક અને વહીવટી કાર્યભારને વધુ સુવ્યવસ્થિત કરવા માટે એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌ ખાતેથી પ્રાપ્ત સત્તાવાર અહેવાલો મુજબ, ભારતીય વાયુસેનાના નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાને શ્રી રામ મંદિર તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સૌપ્રથમ મુખ્ય કાર્યકારી અધિકારી (Chief Executive Officer - CEO) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ટ્રસ્ટના સર્વોચ્ચ વહીવટ માટે એક સક્ષમ અને પ્રભાવશાળી વહીવટી વડાની લાંબા સમયથી પ્રતીક્ષા હતી, જેનો હવે અંત આવ્યો છે. નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રા દેશના સુરક્ષા ક્ષેત્રે એક અત્યંત પ્રતિષ્ઠિત અને આદરણીય સ્થાન ધરાવે છે. તેઓ ભારતીય વાયુસેનાની અત્યંત વ્યૂહાત્મક ગણાતી પશ્ચિમી વાયુસેના કમાન્ડના વડા તરીકે પોતાની ઉત્કૃષ્ટ સેવાઓ આપી ચૂક્યા છે. એટલું



જ નહીં, રાષ્ટ્રીય સુરક્ષા અને સૈન્ય કાર્યવાહીના ઈતિહાસમાં ગાજેલા મહત્વપૂર્ણ 'ઓપરેશન સિંદૂર' સાથે પણ તેમનો સીધો અને અતૂટ સંબંધ રહેલો છે. દેશની સરહદોનું સંરક્ષણ કરવા ઉપરાંત જટિલ સંજોગોમાં નિર્ણાયક યોજનાઓ ઘડવામાં તેમની કુશળતા જાણીતી છે. તેમની દીર્ઘ સૈન્ય કારકિર્દી અને શિસ્તબદ્ધ કાર્યશૈલીને ધ્યાને રાખીને જ ટ્રસ્ટ દ્વારા તેમને આ જવાબદારી માટે સર્વાનુમતે પસંદ કરવામાં આવ્યા છે. રામ મંદિરના પ્રથમ સીઈઓ તરીકે જિતેન્દ્ર મિશ્રા સમક્ષ અનેક નવી જવાબદારીઓ અને પડકારો રહેશે. અયોધ્યામાં નિર્માણ પામેલા ભવ્ય મંદિરના દર્શનાર્થે દેશ-વિદેશમાંથી દરરોજ લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે. આવી સ્થિતિમાં સમગ્ર પરિસરનું સંચાલન, શિસ્તબદ્ધ સુરક્ષા વ્યવસ્થા, યાત્રાળુઓ માટેની સુવિધાઓ, તીર્થક્ષેત્રની નાણાકીય પારદર્શિતા તેમજ બાંધકામના બાકી રહેલા વિવિધ પ્રોજેક્ટ્સનું સુચારુ સંકલન કરવાની પ્રાથમિક જવાબદારી હવે તેમના શિરે રહેશે. રામ જન્મભૂમિ સંકુલમાં અત્યાધુનિક ટેકનોલોજીનો વિનિયોગ કરીને સંચાલનને વૈશ્વિક સ્તરનું બનાવવામાં તેમનો સૈન્ય અનુભવ ચાવીરૂપ ભૂમિકા ભજવશે.

આ નિમણૂકથી રામ મંદિર ટ્રસ્ટના વહીવટી માળખાને નવી ઊર્જા, મજબૂતાઈ અને લશ્કરી સ્તરની શિસ્ત પ્રાપ્ત થશે. એક કુશળ પ્રશાસક તરીકે એર માર્શલ જિતેન્દ્ર મિશ્રા આગામી સમયમાં રામ મંદિર સંકુલની દૈનિક ગતિવિધિઓને નવી ઊંચાઈ આપશે તેવી શ્રદ્ધાળુઓ અને ટ્રસ્ટના સભ્યોને સંપૂર્ણ અપેક્ષા છે.

# અમદાવાદના ૨ વિસ્તારમાં બનશે ૭૦૦ સ્માર્ટ પાર્કિંગ : QR કોડથી થશે પેમેન્ટ, જાણો AMC સ્ટેન્ડિંગ કમિટીના અન્ય નિર્ણયો

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક બુધવારે યોજાઈ હતી. જેમાં હાટકેશ્વર સ્મશાનગૃહના નવીનીકરણમાં પાણીની અડચણ અને ડિઝાઈનમાં ફેરફારને કારણે કામગીરીમાં વિલંબ થયો હોવાનું ચેરમેને જણાવ્યું હતું. આ ઉપરાંત, શહેરમાં ૨૦,૦૦૦ વૃક્ષોનું વાવેતર અને મકરબામાં ૨૦૦ અને સાયન્સ સિટી ૫૦૦ સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમ સ્થાપિત કરાશે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને દરખાસ્તો અને વિકાસકામોની સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.બેઠક દરમિયાન શહેરમાં ચાલી રહેલા આઠ સ્મશાનગૃહોના નવીનીકરણની કામગીરી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ મુદ્દે ચેરમેને જણાવ્યું હતું કે, હાટકેશ્વર



સ્મશાનગૃહ ખાતે નવીનીકરણની કામગીરી દરમિયાન આશરે ૧૦ ફૂટની ઊંડાઈએ પાણી આવી જતું હોવાથી બાંધકામની કામગીરીમાં અડચણ ઊભી થઈ રહી છે. કામગીરી દરમિયાન ઉદ્ભવેલી આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલી ડ્રોઈંગ અને ડિઝાઈનમાં જરૂરી ફેરફારો કરવામાં આવ્યા છે, જેના પરિણામે કામગીરીના સમયગાળામાં વધારો થયો છે. હાટકેશ્વર વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ડિઝાઈનમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા છે. જોકે, આવી પરિસ્થિતિ સોઈલ ટેસ્ટિંગ દરમિયાન જ ધ્યાનમાં લેવામાં આવવી જરૂરી હતી. આ મુદ્દે કમિટીમાં ચર્ચા કરી સંબંધિત કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી અને ભવિષ્યમાં આવી બાબતોને ધ્યાનમાં રાખીને આયોજનબદ્ધ રીતે કામગીરી કરવા સૂચના આપવામાં આવી છે.શહેરમાં સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમ વિકસાવવા અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે ણાવ્યું હતું કે, સોબો સેન્ટર ખાતે સ્થાપિત સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમને પાર્કિંગની જરૂરિયાત અને સ્થળની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને વધુ ઉપયોગી અને અનુકૂળ સ્થળે ખસેડવામાં આવશે. એજન્સી દ્વારા આ સમગ્ર કામગીરી પોતાના ખર્ચે કરવામાં આવશે.આ કામગીરી માટે AMC દ્વારા એજન્સીને કોઈપણ પ્રકારની રકમ ચૂકવવામાં આવી નથી અને સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમને અન્ય સ્થળે ખસેડવાનો સમગ્ર ખર્ચ એજન્સી દ્વારા જ ભોગવવામાં આવશે. આગામી સમયમાં મકરબા વિસ્તારમાં આશરે ૨૦૦ સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે, જે ટૂંક સમયમાં કાર્યરત કરવામાં આવશે. જ્યારે સાયન્સ સિટી વિસ્તારમાં આશરે ૫૦૦ સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમ સ્થાપિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમમાં QR કોડ સ્કેન કરીને ડિજિટલ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ રહેશે, જેના પરિણામે પાર્કિંગ ફીની વસુલાતની કામગીરીમાં પારદર્શિતા જળવાઈ રહેશે. આ વ્યવસ્થામાંથી પ્રાપ્ત થતી કુલ આવકમાંથી ૮૦ ટકા હિસ્સો છસ્ઝને અને ૨૦ ટકા હિસ્સો સંબંધિત એજન્સીને મળશે.

### કેન્દ્ર સરકારને સુપ્રીમ કોર્ટ તરફથી કોઈ રાહત ના મળી

# મા-બાપની આવક વધુ હોય તો તેમના બાળકને અનામતના લાભથી વંચિત ના રાખી શકાય

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટમાં OBC ક્રીમી લેયર કેસ અંગે ગઈકાલ મંગળવારે સુનાવણી હાથ ધરાઈ હતી, જે દરમિયાન કેન્દ્ર સરકારે ૧૧ માર્ચે પસાર કરાયેલા આદેશ અંગે તાત્કાલિક રાહત માંગી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે કોઈપણ પ્રકારની રાહત આપવાનો ઈનકાર કર્યો હતો. સુનાવણી ૧૭ સપ્ટેમ્બર સુધી મુલતવી રાખી હતી. ન્યાયાધીશ પીએસ નરસિંહા અને ન્યાયાધીશ આર મહાદેવનની બનેલી બેન્ચે આ મામલાની સુનાવણી કરી. કેન્દ્ર સરકાર, સુપ્રીમ કોર્ટના ૧૧ માર્ચના આદેશમાં ફેરફાર કરવા ઉપરાંત "ક્રીમી



લેયર" ની વ્યાખ્યામાં ફેરફારની માંગ કરી રહ્યું છે. જો કે, સુપ્રીમ કોર્ટે કોઈ પણ રાહત આપવાનો ઈક્નાર કરતાઆ કેસની વધુ સુનાવણી ૧૭ સપ્ટેમ્બરે મુકરર કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે ૧૧ માર્ચે આપેલા પોતાના ચુકાદામાં, સ્પષ્ટ કર્યું હતું કે, માતાપિતાના પગાર આવક OBC ક્રીમી લેયર નક્કી કરવા માટે એકમાત્ર માપદંડ ના હોઈ શકે. કોર્ટે જણાવ્યું હતું કે PSU, બેંકો અથવા ખાનગી ક્ષેત્રમાં નોકરી કરતા માતાપિતાના બાળકોને ફક્ત એટલા માટે અનામતના લાભમાંથી બાકાત રાખી શકાય નહીં કે તેમના માતાપિતાનો પગાર, ચોક્કસ આવક મર્યાદા કરતાં વધુ છે. ન્યાયાધીશ પીએસ નરસિંહા અને ન્યાયાધીશ આર મહાદેવનની બેન્ચે જણાવ્યું હતું કે આવો ભેદભાવ બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૫ અને ૧૬ માં સમાવિષ્ટ સમાનતાના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે.

## તંત્રીલેખ...

# ભારતમાં ૧.૫ લાખથી વધુ લોકો દર વર્ષે સડક દુર્ઘટનામાં મૃત્યુ પામે છે !

આધુનિક ટેકનોલોજીએ મનુષ્યની જિંદગી બહુ આસાન બનાવી દીધી છે. પરંતુ આ જ ટેક્નોલોજીમાં રહેલી ક્ષતિઓ અને નાનકડી માનવીય ભૂલ ભયંકર હોનારત સર્જે છે. આજકાલ ગુજરાતીઓનો માર્ગ દુર્ઘટનાનો મૃત્યુ આંક બહુ ઊંચે જઈ રહ્યો છે. રાજ્ય સરકાર આ બધી ઘટનાઓ જોઈને સૂનમૂન બેઠી છે. નવી પેઢીના લીલા માથા રસ્તાઓ પર નાળિયેરની જેમ વધેરાઈ રહ્યા છે. જેમને નિયોરિચ કહીએ છીએ એવા નૂતન શ્રીમંતોનાં સંતાનો પિતાશ્રીની મોટરકારો બેફામ ચલાવી રહ્યા છે. ગુજરાતમાં મોટરકારમાં ડ્રાઈવિંગ કરતા અણઘડ બેવકૂફોની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે ભૂલ ન હોય તેવા વાહન ચાલકોની જિંદગી પણ ઠેબે ચડે છે. આપણા રાજ્યમાં હાઈવે પર ગમે ત્યાં ટ્રક ઊભા હોય છે. સાંજ પછી તો એ દેખાતા જ નથી. એટલે અકસ્માતોની હારમાળા સર્જાય છે. અગાઉના એક કિસ્સામાં પાટનગર નવી દિલ્હીમાં અક્ષરધામ મંદિર પાસેથી પસાર થતી એક દોડતી કારમાં એકાએક જ આગ ભડકી ઉઠી હતી. એમાં બે પુત્રીઓ સહિત એક માતા જીવતા સળગી ગયા. આ બધી એવી દુર્ઘટના છે જેણે દેશમાં ફરી રહેલા કરોડો અસલામત વાહનો તરફ સાવચેતીની ઘંટડી વગાડી છે. અગાઉ બોઈંગ દુર્ઘટનાઓથી ડઘાઈ ગયેલા જગતે લીધેલા વિવિધ સલામતીના 'ગ્રાઉન્ડેડ' પગલાં ચર્ચામાં હતાં. અત્યારે તો ભારતમાં માર્ગ દુર્ઘટનાઓ અને ટેકનિકલ ક્ષતિથી સર્જાતી જીવલેણ ઘટનાઓ નવેસરથી વિવાદના વંટોળ સર્જી રહી છે. અક્ષરધામ નજીકની કારમાં આગ એટલી ઝડપથી ફેલાઈ કે કારચાલક ઉપેન્દ્ર પોતાની એક પુત્રીને લઈ બહાર કૂદવામાં તો કામયાબ નીવડયા, પરંતુ પોતાની પત્ની અને અન્ય બે પુત્રીઓને બહાર લાવી ન શક્યા. ચારે તરફ ઘેરાયેલા ટોળાની વચ્ચે એ ત્રણેય રાખ થઈ ગયા. દેશમાં જેટલી પણ મોટરકારો ફરે છે તેમાં અગ્નિશમનની કોઈ વ્યવસ્થા નથી. મોટા ભાગની કારના બધા દરવાજા સિંગલ કમાન્ડ એટલે કે ડ્રાઈવિંગ કરનારથી લોક- ઓપન થાય છે. કેન્દ્ર સરકારે જાહેર કરેલા આંકડા પ્રમાણે દેશમાં દર વરસે દોઢ લાખથી વધુ લોકો સડક દુર્ઘટનાઓમાં મોતનો શિકાર બને છે. એમાં અરધાથી વધુ લોકો તો બાઈક, સ્કુટર, કાર, ટેક્સી અને વાન સંબંધિત અકસ્માતોમાં જિંદગી ગુમાવે છે. ગુજરાતમાં. તો ટેન્કર, છકડો અને ટ્રેક્ટર પણ આ આંકડાઓને અભિવૃદ્ધ કરી આપનારા છે. જો વાહનોમાં એડવાન્સ સેફ્ટી ફિચર્સ હોત તો અનેક લોકોની જિંદગીના દીપ બુઝાઈ ગયા ન હોત. આપણા દેશના રસ્તાઓ પર દોડતા વિવિધ પ્રકારના દ્વિચક્રી અને ચતુર્ચક્રી વાહનોમાં સલામતી માટે અનિવાર્ય એવી મહત્ જોગવાઈઓ તો છે જ નહિ. ટેક્નોલોજી છે, પરંતુ જાગૃતિનો અભાવ છે. એમ કહો કે લોકોનું ધ્યાન વાહનનો ઉપયોગ કરવામાં છે, તેઓ જાણતા જ નથી કે તેમની સફર મોતના કૂવાથી જરાય દૂર નથી.

### ટંકારીયામાં જુગારધામ પર LCB ત્રાટકી

# હાઈટેક કેસિનો સ્ટાઈલમાં જુગાર રમતા ૧૯ શકુનિ ઝડપાયા

## ગામની ગોડર સ્ટ્રીટ ખાતે આવેલા એક મકાનના પ્રથમ માળે ધમધમતા હાઈટેક જુગારધામ પર બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો

ભરૂચ,

ભરૂચ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગુનાખોરી સામે લાલ આંખ કરીને એક મોટી કાર્યવાહી કરી છે. ભરૂચ તાલુકાના ટંકારીયા ગામની ગોડર સ્ટ્રીટ ખાતે આવેલા એક મકાનના પ્રથમ માળે ધમધમતા હાઈટેક જુગારધામ પર બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે જુગાર રમતા અને રમાડતા કુલ ૧૯ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા હતા. આ કાર્યવાહીથી શ્રાવણીયો જુગાર રમતા શકુનિઓમાં ફફડાટ ફેલાયો છે.

LCB પીઆઈ મનીષ વાળાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ નિમેષ નવિનભાઈને બાતમી મળી હતી કે, ટંકારીયાનો રફીક સુલેમાનભાઈ સાપા પોતાના જૂના મકાનમાં બહારથી લોકોને બોલાવી જુગારનો અડ્ડો ચલાવે છે. પોલીસે વોરંટ મેળવી દરોડો પાડતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી.

મુખ્ય સંચાલક રફીક સાપા ખેલાડીઓ પાસેથી રૂ. ૫૦૦ એન્ટ્રી ફી અને કલાક દીઠ રૂ. ૫૦૦ ટેબલ ચાર્જ વસૂલતો હતો. રોકડ રકમ જમા કરાવીને બદલામાં રૂ. ૨૦, રૂ. ૫૦, રૂ. ૧૦૦ અને રૂ. ૨૦૦ મૂલ્યના



પ્લાસ્ટિકના ટોકન આપી જુગાર રમાડવામાં આવતો હતો.

પોલીસે ઘટના સ્થળેથી દાવ પરથી અને અંગઝડતીમાંથી રૂ. ૧,૧૬,૮૧૫ ની રોકડ રકમ, ૧૭ મોબાઈલ ફોન જેમાં એન્ડ્રોઈડ તેમજ કીપેડનો સમાવેશ થાય છે, ૧૫૧ પ્લાસ્ટિક ટોકન કોઈન, સ્ટીલ-પ્લાસ્ટિકની ટોકરીઓ, જુગાર બોર્ડ અને પત્તાની કેટ સહિત કુલ રૂ. ૨,૪૨,૩૧૫ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દરોડા દરમિયાન રફીક સુલેમાનભાઈ સાપા, લતીફ ઈસ્માઈલ રબદા, ફિરોઝ અમીર શેખ, આસીફ કાસમભાઈ મલેક, હારૂન ઈબ્રાહીમ સુતરીયા, જીતેશ પરસોત્તમભાઈ માછી, ભીખા કેસુરભાઈ વસાવા, અબ્દુલ રસુલ ભટ્ટી, મહેશ ભાઈલાલ માછી, હારૂન ઈસ્માઈલભાઈ બાલા, અયુબ ઈસ્માઈલભાઈ સીંધી, લતીફ અહમદ પટેલ, રસીદ ઈબ્રાહીમ લાલન, પીર મહમદ ફકીર મહમદ મલેક, સબ્બીર ઈબ્રાહીમ પટેલ, ફારૂક ઈસ્માઈ કાપડીયા, ઈમરાન ઈબ્રાહીમભાઈ લાલન, યાવર હુસેન ઉર્ફે બાબામીયા મુનીરમિયાં મલેક અને સલીમ વલી લાલનની ધરપકડ કરવામાં આવી છે.

દરોડા વેળાએ નાસભાગમાં યાવર હુસેન ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર અર્થે રેફરલ હોસ્પિટલ ખસેડાયો હતો. ન્ઝ્મ પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ અને કાર્યવાહી માટે કેસ પાલેજ પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

### ટ્રમ્પ સરકારનો નવો પ્રસ્તાવ

# અમેરિકામાં બાળકનો પાસપોર્ટ બનાવવા માતા-પિતાએ નાગરિકતાનો પુરાવો આપવો પડશે

## આ નિયમ બર્થ ટુરિઝમ રોકવા અને જન્મજાત નાગરિકતાને લઈને ટ્રમ્પના પ્રયાસોનો ભાગ છે

વોશિંગ્ટન,

અમેરિકામાં બાળકોના પાસપોર્ટને લઈને નવા નિયમો લાવવાની તૈયારી ચાલી રહી છે. જેમાં માતા-પિતાએ પોતાના બાળકોનો પાસપોર્ટ બનાવતી વખતે નાગરિકતા કે અમેરિકામાં રહેતા હોવાના પુરાવા આપવા પડી શકે છે. આ મામલે અમેરિકન વિદેશન મંત્રાલયે એક પ્રસ્તાવ તૈયાર કર્યો છે. આ પ્રસ્તાવ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના યુનાઈટેડ સ્ટેટ્સમાં જન્મજાત નાગરિકત્વને સમાપ્ત કરવાના પ્રયાસનો એક ભાગ છે. હાલના નિયમો અનુસાર, અમેરિકામાં જન્મેલા બાળકના પાસપોર્ટ બનાવતી વખતે માતા-પિતાએ પોતાના બાળક સાથેના તેમના સંબંધનો પુરાવો અને તેમની પોતાની ઓળખનો પુરાવો આપવો આવશ્યક છે. જો માતા-પિતા પોતે યુ.એસ. નાગરિક હોય તો તેમણે તેના માટે અલગ દસ્તાવેજો સબમિટ કરવાની જરૂર નથી. જો નવો પ્રસ્તાવ લાગુ કરવામાં આવે તો આ સિસ્ટમ બદલાઈ શકે છે.

નવા પ્રસ્તાવ હેઠળ, માતા-પિતા અથવા કાનૂની વાલીઓએ બાળકના પાસપોર્ટ માટે અરજી કરતી વખતે તેમની નાગરિકતા અથવા યુએસ રહેઠાણની સ્થિતિનો પુરાવો આપવો



પડશે. યુએસ નાગરિક માતા-પિતા પાસપોર્ટ અથવા જન્મ પ્રમાણપત્ર જેવા દસ્તાવેજો રજૂ કરી શકે છે, જ્યારે અન્ય લોકોએ યુનાઈટેડ સ્ટેટ્સમાં તેમની કાનૂની સ્થિતિનો પુરાવો આપવો પડી શકે છે.

આ પુરાવાના આધારે સરકાર તપાસ કરશે કે બાળકો અમેરિકન નાગરિકતા માટે યોગ્ય છે કે નહીં. આ નિયમ ટ્રમ્પના ૬ ઓગસ્ટના આદેશને લાગુ કરવાની તૈયાર માટે લેવામાં આવી રહ્યો છે. હકીકતમાં ડોનાલ્ડ ટ્રમ્પ લાંબા સમયથી યુનાઈટેડ સ્ટેટ્સમાં જન્મેલા બાળકો માટે નાગરિકતા સંબંધિત નિયમોમાં ફેરફાર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. અમેરિકન સરકાર ખાસ કરીને યુએસમાં જન્મ આપવા માટે મહિલાઓની મુસાફરી કરવાની પ્રથાને રોકવાનો હેતુ ધરાવે છે. આ ઘટનાને સામાન્ય રીતે બર્થ ટુરિઝમ તરીકે ઓળખવામાં આવે છે.

ટ્રમ્પના શરૂઆતના આદેશમાં એવી શરત હતી કે, યુનાઈટેડ સ્ટેટ્સમાં જન્મેલા બાળકને આપમેળે નાગરિકતા ત્યારે જ મળશે જો તેમના માતા-પિતામાંથી ઓછામાં ઓછું એક યુએસ નાગરિક અથવા ગ્રીન કાર્ડ ધારક હોય. જો કે, યુએસ સુપ્રીમ કોર્ટે આ આદેશને ગેરબંધારણીય ગણાવ્યો અને કહ્યું કે તે બંધારણના ૧૪મા સુધારાની નાગરિકતા જોગવાઈઓ સાથે વિરોધાભાસી છે.

ટ્રમ્પ વહીવટીતંત્રના નવા પગલાને કોર્ટમાં પણ પડકારવામાં આવી રહ્યો છે. નવા નિયમથી જેમની નાગરિકતા પ્રભાવિત થઈ શકે છે તેવા બાળકો વતી અરજી દાખલ કરવામાં આવી છે. વકીલોએ કોર્ટને નવા આદેશના અમલીકરણને રોકવાની માગ કરી છે.

આ મામલાની સુનાવણી મેરીલેન્ડની એક ફેડરલ કોર્ટમાં પણ થઈ છે. જજ ડેબોરા બોર્ડમેને આદેશ અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે કેસને આગળ વધવાની મંજૂરી આપી છે જેથી નક્કી કરી શકાય કે નવા આદેશને અવરોધિત કરી શકાય કે નહીં.

### ફરાળના નામે ધાર્મિક આસ્થા સાથે ખિલવાડ

# જૈન સ્વિટ્સ માંથી મળી આવી મકાઈના લોટવાળી પેટીસ

## ૨૦ કિલો જેટલું વાસી શાક અને કણક (લોટ) મળી આવતાં આરોગ્ય વિભાગની ટીમે તેનો પણ સ્થળ પર જ નાશ કરાવી દીધો હતો

રાજકોટ

રાજકોટ શહેરમાં ઉપવાસ અને ફરાળ કરતા નાગરિકો માટે ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. પવિત્ર દિવસોમાં લોકો શ્રદ્ધાપૂર્વક જે ફરાળી પેટીસ આરોગે છે, તેમાં ફરાળી સામગ્રીને બદલે મકાઈનો લોટ વાપરવામાં આવતો હોવાનું ખુલ્લું પડ્યું છે. રાજકોટના જાણીતા 'જૈન સ્વિટ્સ'માંથી મકાઈના લોટવાળી ફરાળી પેટીસ મળી આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યું હતું. ધાર્મિક આસ્થા સાથે ખીલવાડ કરતી આ ગંભીર બાબત સામે આવતાં મનપાના આરોગ્ય વિભાગે સ્થળ પર જ ૩૨ કિલો જેટલી બનાવટી ફરાળી પેટીસનો નાશ કર્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા શહેરમાં ખાદ્યપદાર્થોનું વેચાણ કરતી ૪૪ જેટલી પેઢીઓ અને ધંધાર્થીઓને ત્યાં સામૂહિક દરોડા પાડવામાં આવ્યા હતા. આ સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન અલગ-અલગ દુકાનો અને રેસ્ટોરન્ટ્સમાંથી કુલ ૫૨ કિલો જેટલો અખાદ્ય અને વાસી ખોરાકનો જથ્થો મળી આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન જાણીતી 'કૃષ્ણમ કાઠિયાવાડી' હોટલમાંથી પણ ૨૦ કિલો જેટલું વાસી શાક અને કણક (લોટ) મળી આવતાં આરોગ્ય વિભાગની ટીમે તેનો પણ સ્થળ પર જ નાશ કરાવી દીધો હતો.

આરોગ્ય વિભાગની ટીમે માત્ર જપ્ત કરાયેલા ખોરાકનો નાશ કરીને અટકી નથી, પરંતુ શંકાસ્પદ જણાતી ૧૭ જેટલી પેઢીઓમાંથી ખાદ્યસામગ્રીના નમૂના (સેમ્પલ) લઈને તેને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપ્યા છે. તહેવારો અને ઉપવાસના દિવસોમાં નાગરિકોના સ્વાસ્થ્ય અને આસ્થા સાથે ચેડાં કરતા વેપારીઓ સામે મનપા તંત્રએ લાલ આંખ કરી છે અને આગામી દિવસોમાં પણ આ પ્રકારનું સઘન ચેકિંગ ચાલુ રાખવાની સ્પષ્ટ ચેતવણી આપી છે.

### ૧૦૦ ટકા ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે

# ખાનગી શાળા-કોલેજોના NCC કેડેટ્સને પણ સરકારી કેડેટ્સ સમાન મળશે કેમ્પ ભથ્થુ

## આ આર્થિક ભારણના કારણે રાષ્ટ્રીય કક્ષાએ દેશનું પ્રતિનિધિત્વ કરવાની ક્ષમતા ધરાવતા અનેક તેજસ્વી કેડેટ્સ આગળ વધતા અચકાતા હતા

અમદાવાદ,

ગુજરાત સરકારે રાજ્યના યુવાધન અને નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) ના કેડેટ્સના સર્વાંગી વિકાસ માટે મોટો અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ તથા શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્ય મંત્રી ત્રિકમભાઈ છાંગાના માર્ગદર્શન હેઠળ શિક્ષણ વિભાગ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અત્યાર સુધી સ્થિતિ એ હતી કે સરકારી શાળા-કોલેજોના NCC કેડેટ્સ રાષ્ટ્રીય કક્ષાના કેમ્પ માટે પસંદ થાય ત્યારે તેમને ભારત સરકારના ધોરણો મુજબ ભથ્થાં આપવામાં આવતા હતા. પરંતુ ખાનગી સંસ્થાઓના કેડેટ્સને આવું કોઈ ભથ્થું મળતું ન હોવાથી સમગ્ર ખર્ચ કેડેટ અથવા તેની સંસ્થાએ પોતે ઉઠાવવો પડતો હતો.

આ આર્થિક ભારણના કારણે રાષ્ટ્રીય કક્ષાએ દેશનું પ્રતિનિધિત્વ કરવાની ક્ષમતા ધરાવતા અનેક તેજસ્વી કેડેટ્સ આગળ વધતા અચકાતા હતા.

સરકારના ધ્યાન પર આ વિષય આવતાં જ શિક્ષણ વિભાગે ખાસ ઠરાવ કરીને આ આર્થિક અસમાનતા દૂર કરી છે. હવે ખાનગી સંસ્થાના કેડેટ્સ જ્યારે Republic Day Contingent (RDC), Thal Sainik Camp (TSC), Youth Exchange Programme (YEP), Vayu Sainik Camp (VSC), Naval Sainik Camp (NSC) અને National Level Event (NLE) જેવા આકરા ૪ થી ૫ તબક્કાની સ્પર્ધાત્મક પસંદગી પ્રક્રિયા પાર કરીને રાષ્ટ્રીય કેમ્પમાં પહોંચશે, ત્યારે તેમને સરકારી ધોરણે જ ભથ્થું અપાશે.

આ માટે થનારા તમામ ખર્ચનો ૧૦૦ ટકા હિસ્સો રાજ્ય સરકાર ભોગવશે. ભારત સરકાર દ્વારા વખતોવખત નક્કી કરાતા દરો મુજબ ભથ્થાની ચુકવણી થશે.

કેડેટ્સને મેસિંગ (ખોરાક), ટ્રાવેલિંગ (મુસાફરી), જનરેશન, ઈન્સિડેન્ટલ અને POL ચાર્જિસ જેવા વિવિધ ખર્ચમાં સીધી આર્થિક રાહત મળશે.હવે કેડેટ સરકારી સંસ્થાનો છે કે ખાનગી સંસ્થાનો, તેની રાષ્ટ્રીય કક્ષાની પસંદગીનો આધાર તેની આર્થિક ક્ષમતા નહીં પરંતુ તેની મહેનત, શિસ્ત અને પ્રતિભા બનશે.

### ઘરે વાત કરશે તો જાનથી મારી નાખવાની આપી ધમકી

# ૮ વર્ષના ફૂલ જેવા બાળક પર પ્લાસ્ટિકનો પાઈપ લઈ શિક્ષક તૂટી પડ્યા

## માતાએ કપડાં બદલાવતી વખતે બાળકના શરીર પર કાળા-લાલ સોળ અને નિશાનો જોતાં સમગ્ર મામલો સામે આવ્યો હતો

ભરૂચ,

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના ઈખર ગામે ગુરુ-શિષ્યના પવિત્ર સંબંધને લજવતી અત્યંત શરમજનક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં પ્રાથમિક શાળામાં ધોરણ-૨માં અભ્યાસ કરતા માત્ર આઠ વર્ષના માસૂમ બાળકને ગુજરાતીનું પુસ્તક બરાબર વાંચતાં ન આવડવા જેવા નજીવા કારણે તેના વર્ગ શિક્ષકે હેવાન બની પ્લાસ્ટિકના પાઈપ વડે ઢોર માર માર્યો હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે.

વિગતો મુજબ, ઈખર ગામની આદર્શ પ્રાથમિક કુમાર શાળામાં અભ્યાસ કરતો ૮ વર્ષીય હસનેન રોજિંદા ક્રમ મુજબ શાળાએ ગયો હતો.

બપોરના સમયે વર્ગ શિક્ષક મુબારક યુસુફ ભડ ક્લાસના દરેક બાળક પાસે વારાફરતી ગુજરાતીનું વાંચન કરાવી રહ્યા હતા. તે દરમિયાન માસૂમ હસનેનને પુસ્તકમાંથી થોડું વાંચતાં ન આવડતાં ઉશ્કેરાયેલા શિક્ષકે પ્લાસ્ટિકનો પાઈપ લઈને બાળક પર તૂટી પડ્યા હતા અને પીઠ, જાંઘ તેમજ થાપાના ભાગે ઉપરાઉપરી ફટકા માર્યા હતા.

શિક્ષકે માત્ર લાકડી-પાઈપથી માર મારીને જ સંતોષ ન માન્યો, પરંતુ માસૂમ વિદ્યાર્થીને મા-બહેન સમાન ગંદી ગાળો ભાંડી હતી. એટલું જ નહીં, જો આ માર મારવાની વાત ઘરે કરશે તો તેને 'જાનથી મારી નાખીશ' તેવી ગુનાહિત ધમકી પણ આપી હતી. શાળા છૂટ્યા બાદ બાળક દર્દથી કણસતો ઘરે પહોંચ્યો હતો, જ્યાં માતાએ કપડાં બદલાવતી વખતે બાળકના શરીર પર કાળા-લાલ સોળ અને નિશાનો જોતાં સમગ્ર મામલો સામે આવ્યો હતો.

ઘટનાની ગંભીરતા જોઈ પિતા રીજવાન શબ્બીરસા દિવાને આમોદ પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવી હતી. આમોદ પોલીસે આરોપી શિક્ષક મુબારક યુસુફ ભડ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) તેમજ જુવેનાઈલ જસ્ટિસ એક્ટની કલમ ૭૫ મુજબ ગુનો નોંધી વધુ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ઈખર પ્રાથમિક શાળામાં ધોરણ-૨ના માસૂમ વિદ્યાર્થીને પ્લાસ્ટિકના પાઈપ વડે ઢોર માર મારવાની ગંભીર ઘટના સામે આવ્યા બાદ જિલ્લા શિક્ષણ તંત્ર પણ સફાળું જાગ્યું છે. આ મામલે પોલીસ ફરિયાદ બાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO) સચિન શાહે તાત્કાલિક અસરથી તપાસના આદેશ આપ્યા હતા અને પ્રાથમિક તપાસ અહેવાલના આધારે આરોપી શિક્ષક મુબારક યુસુફ ભડને તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ (સસ્પેન્ડ) કરવાનો હુકમ કર્યો છે. આ સમગ્ર મામલે કડક વલણ દાખવતા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સચિન શાહે જણાવ્યું હતું કે, ''શાળાઓમાં બાળકો સાથે કોઈપણ પ્રકારની શારીરિક હિંસા કે માનસિક ત્રાસ બિલકુલ સાંખી લેવામાં આવશે નહીં. વિદ્યાર્થીઓ નિર્ભય વાતાવરણમાં અભ્યાસ કરી શકે તે સુનિશ્ચિત કરવું એ શિક્ષણ વિભાગની પ્રાથમિકતા છે. ઈખરની ઘટના અત્યંત નિંદનીય હોઈ, પ્રાથમિક અહેવાલના આધારે શિક્ષકને સસ્પેન્ડ કરી દેવાયા છે અને તેમની સામે ખાતાકીય તપાસ પણ તેજ કરી દેવામાં આવી છે.'' શિક્ષણ વિભાગની આ કડક કાર્યવાહીથી અન્ય શિક્ષકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

### ઘાયલ યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ પહોંચાડ્યો

# ભુજ કોર્ટ પરિસરમાં DySP-PIની હાજરીમાં જ રાહુલે મયૂરગરને છરીનો ઘા ઝીંકી દીધો

કચ્છ,૯

ભુજમાં કાયદો અને વ્યવસ્થાને લઈને ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભુજ સેશન્સ કોર્ટના પ્રાંગણમાં જ જૂની અદાવતને લઈને એક યુવક પર છરીથી હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના બની છે. કોર્ટ પરિસરમાં રાહુલ કરસન મારવાડા ઉર્ફે માસાડા નામના યુવકે મયૂરગર મહેશગર ગુંસાઈના પેટમાં છરીના ઘા મારી હત્યાનો પ્રયાસ કર્યો હતો.

જોકે બનાવ સમયે પોલીસે મામલો કાબૂમાં લઈ તપાસનો ઘાયલ મયૂરગરને હોસ્પિટલ ખસેડી, તથા હુમલાખોર રાહુલને પકડી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

ભુજ સેશન્સ કોર્ટનું પ્રાંગણમાં કાયદાની રક્ષા માટે પોલીસ અને સુરક્ષા વ્યવસ્થા તૈનાત હોય છે. પરંતુ આ જ કોર્ટ પરિસરમાં છરી હુમલાની ઘટનાથી ચકચાર મચી ગઈ છે.જૂની અદાવતને લઈને રાહુલ કરસન મારવાડા ઉર્ફે માસાડા અને મયૂરગર મહેશગર ગુંસાઈ વચ્ચે મામલો ઉગ્ર બન્યો હતો. આ દરમિયાન રાહુલ મારવાડાએ મયૂરગર ગુંસાઈના પેટના ભાગે છરીથી હુમલો કરી હત્યાનો પ્રયાસ કર્યો હોવાનો આરોપ છે.

ઘટના સમયે કોર્ટની પાછળની સાઈડમાં હાજર DySP, PI સહિતના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ તાત્કાલિક દોડી આવ્યા હતા. પોલીસ અધિકારીઓએ બહાદુરીપૂર્વક હુમલાખોર પાસેથી છરી ઝૂંટવી લીધી હતી અને ઘાયલ યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ પહોંચાડ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી રાહુલ મારવાડા સામે અગાઉ પણ મર્ડર સહિતના ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. વર્ષ ૨૦૨૩માં નોંધાયેલા હત્યાના ગુનામાં રાહુલ મારવાડા સહિત ચાર આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો અને આ કેસની સુનાવણી માટે આરોપીઓ કોર્ટમાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ, આરોપીએ મયૂરગર ગુંસાઈને ''તે મને ફસાવી નાખ્યો છે'' તેમ કહી છરીના ઘા મારી હત્યાનો પ્રયાસ કર્યો હોવાનો આરોપ છે. જોકે ઘટના સમયે DySP અનPI સહિતના પોલીસ અધિકારીઓએ દોડી આવી હુમલાખોર પાસેથી છરી ઝૂંટવી લીધી હતી. દરમિયાન આખી ઘટનામાં મયૂરગરને છરી અડી જતા તે ગંભીર રીતે ઘાયલ થયો હતો, જેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

બીજી તરફ આરોપી રાહુલને ઝડપી પાડી ભુજ એ ડિવિઝન પોલીસ મથકે લઈ જવામાં આવ્યો છે, સાથે જ ઘાયલ યુવકની માતાની ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે કોર્ટ પ્રાંગણમાં જ બનેલી આ ઘટનાએ સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. હાલ ભુજ એ ડિવિઝન પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# ત્રિકમપુરામાં જૂની અદાવતમાં તલવાર અને પાઈપના ઘા ઝીંકી યુવકની હત્યા

અમદાવાદ,

અમદાવાદના ત્રિકમપુરામાં ૩૧મી ઓગસ્ટની રાત્રે જૂની અદાવતમાં અજીતસિંહ નામના યુવકની તલવાર અને લોખંડની પાઈપથી હત્યા થઈ છે. તેને બચાવવા પડેલા ૨ મિત્રો પણ ઈજાગ્રસ્ત થયા. પોલીસે હરેશ ઉર્ફે હિતેશ, અક્ષય, રવી અને ધર્મેશ સોલંકી સામે હત્યાનો ગુનો નોંધી, વધુ તપાસ હાથ ધરી છે.અમદાવાદના ત્રિકમપુરા વિસ્તારમાં જૂની અદાવતમાં એક યુવકની હત્યા કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. સોમવાર (૩૧મી ઓગસ્ટ)ની રાતે બનેલી આ ઘટનામાં તલવાર અને લોખંડની પાઈપ જેવા ઘાતક હથિયારો વડે કરાયેલા હુમલામાં અજીતસિંહ નામના યુવકનું મોત નીપજ્યું હતું, જ્યારે તેને બચાવવા વચ્ચે પડેલા બે મિત્રો ઈજાગ્રસ્ત થયા હતા. આ મામલે પોલીસે ચાર શખસો સામે હત્યા અને મારામારી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, હેમંતસિંહ નેગીએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. ૩૧મી ઓગસ્ટે રાત્રે હેમંતસિંહ, તેના ફઈનો દીકરો અજીતસિંહ અને મિત્ર અર્જુન ત્રિકમપુરા ચાર માળિયા ખાતે અજીતસિંહના ગીરવે મૂકેલા મકાન અંગે વાતચીત કરવા ગયા હતા. જ્યારે તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા, ત્યારે જૂની અદાવત રાખીને હરેશ ઉર્ફે હિતેષ સોલંકી, અક્ષય સોલંકી, રવી સોલંકી અને ધર્મેશ સોલંકીએ તેના પર હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે.ફરિયાદમાં જણાવ્યાનુસાર, અજીતસિંહને મારી નાખવાના ઈરાદાથી હિતેષ અને અક્ષયે તલવાર વડે તથા રવી અને ધર્મેશે લોખંડની પાઈપ વડે અજીતસિંહ પર આડેધડ ઘા ઝીંક્યા હતા, જેના કારણે અજીતસિંહનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ દરમિયાન બચાવવા પડેલા મિત્ર અર્જુન પર ધર્મેશે લોખંડની પાઈપ વડે હુમલો કરી માથામાં ઈજા પહોંચાડી હતી.હેમંતસિંહ છોડાવવા વચ્ચે પડતાં આરોપીઓએ તેના પર પણ હુમલો કર્યો હતો. જેમાં હિતેષે સોલંકીએ હેમંતસિંહના માથામાં તલવારના ૨ ઘા ઝીંક્યા હતા, જ્યારે રવી અને ધર્મેશે લોખંડની પાઈપથી કપાળ તથા ડાબા હાથ પર ઘા માર્યા હતા. ઈજાગ્રસ્ત હેમંતસિંહ ત્યાંથી જેમ-તેમ કરીને બચીને બહાર નીકળ્યા હતા અને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી તસાપ હાથ ધરી છે.

### સોનાની તસ્કરી સામે DRIની કાર્યવાહી

# કોલકાતા, મુંબઈ, કેરળના એરપોર્ટ પરથી કુલ રૂ.૬૫ કરોડની કિંમતનું ૪૨ કિલો સોનું જપ્ત

નવી દિલ્હી,

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)એ સંગઠિત સોનાની તસ્કરી સામે કડક વલણ અપનાવ્યું છે. તાજેતરમાં દેશભરમાં ગુપ્ત માહિતીના આધારે DRIએ શ્રેણીબદ્ધ ઓપરેશન્સ હાથ ધરીને કુલ રૂ.૬૫ કરોડથી વધુની કિંમતનું ૪૨ કિલોગ્રામથી વધુ વિદેશી મૂળનું સોનું અને લગભગ ૧૦ કિલોગ્રામ ચાંદી જપ્ત કરવામાં આવી છે. સમગ્ર મામલે ઙ્ઈંએ ૫ વિદેશી નાગરિકો સહિત ૨૫ વ્યક્તિઓની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઓપરેશન્સથી વિવિધ અને અત્યાધુનિક મોડસ ઓપરેન્ડી ખુલ્લી પડી છે.

જેમાં ખાસ બનાવવામાં આવેલા વાહનોના ખાંચામાં સોના-ચાંદી છુપાવવું, શરીરમાં છુપાવવું, ટ્રાન્ઝિટ મુસાફરો અને એરપોર્ટ કર્મચારીઓનો ઉપયોગ કરવો અને જમીની તથા દરિયાકાંઠાના માર્ગો દ્વારા તસ્કરી કરવાનો સમાવેશ થાય છે. ગત ૨૮/૨૯ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ DRIએ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે વિદેશી મૂળના સોનાની તસ્કરીમાં સામેલ એક સુસંગઠિત સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો હતો. આ સિન્ડિકેટમાં દુબઈ, બેંગકોક અને માલે સહિતના સ્થળોએથી મુંબઈ થઈને ટ્રાન્ઝિટ કરતા વિદેશી નાગરિકો, તેમજ મુંબઈ ખાતે તસ્કરી કરાયેલા સોનાને ગુપ્ત રીતે બહાર કાઢવામાં મદદ કરનાર એરપોર્ટ સ્ટાફનો એક સભ્ય સામેલ હતો. જેમાં મીણના સ્વરૂપમાં ૬.૮૫ કિલોગ્રામ ૨૪-કેરેટ સોનાની ધૂળ ધરાવતી કુલ ૧૬ કેપ્સ્યુલ રિકવર કરીને જપ્ત કરવામાં આવી હતી. આ ઓપરેશનમાં છ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં મુંબઈ થઈને ટ્રાન્ઝિટ કરી રહેલા પાંચ વિદેશી નાગરિકો અને એક એરપોર્ટ સ્ટાફ સભ્યનો સમાવેશ થાય છે.

# અંબાજી મંદિરનો ઇતિહાસ



ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આરાવલી પહાડોની વચ્ચે આવેલું અંબાજી મંદિર ભારતના પ્રાચીન અને પવિત્ર શક્તિપીઠોમાંનું એક માનવામાં આવે છે. આ મંદિર માત્ર ધાર્મિક દ્દષ્ટિએ જ મહત્વનું નથી, અંબાજી મંદિર મુખ્ય ૫૧ શક્તિપીઠ નુ એક માનવામાં આવે છે, જ્યાં માં અંબાની શક્તિની ઉપાસના થાય છે.

અંબાજી મંદિર ખૂબ જ જુનુ માનવામાં આવે છે. ઘણા ઈતિહાસકારો મુજબ આ ધામનો ઈતિહાસ આશરે ૧૨૦૦ વર્ષથી પણ વધુ જૂનો છે. એવું કહેવાય છે. અંબાજી મંદિર અરાસુર પર્વતમાળામાં આવેલ હોવાથી માતાજીને આરાસુરી અંબાજી તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ મંદિરની સૌથી અનોખુ છે અહીં મંદિર ની અંદર માતાજીની મૂર્તિ નથી. તેના બદલે મંદિરમાં પવિત્ર શ્રી વિસા યંત્ર સ્થાપિત છે. અને તેની પૂજા કરવામાં આવે છે. આ મંદિરની અંદર યંત્રનો ફોટો પાડવામાં આવતો નથી.

### ગબ્બર નો ઇતિહાસ : અંબાજી ગબ્બર



અંબાજી મંદિરથી આશરે ૩ કિલોમીટર દૂર આવેલ ગબ્બર પહાડ દેવી અંબાનું એક પવિત્ર જગ્યા માનવામાં આવે છે. ગબ્બર પહાડને દેવીનું અસલી નિવાસ સ્થાનક માનવામાં આવે છે. તેની ઊંચાઈ દરિયાઈ સપાટીથી આશરે ૪૮૦ મીટર ૧૬૦૦ ફૂટ છે. ગબ્બર પહાડની ટોચ પર આવેલી અખંડ જ્યોત ભક્તો માટે વિશેષ આસ્થાનું કેન્દ્ર બનાવે છે. આ જ્યોત અનાદિકાળથી જળતી આવે છે અને તેને માતાનો દિવ્ય પ્રકાશ માનવામાં આવે છે. ભક્તજનો દૂર-દૂરથી આ જ્યોતના દર્શન કરવા આવે છે.

ગબ્બર પહાડ સુધી પહોંચવા માટે શ્રદ્ધાળુઓને ૯૯૯ સીડીઓ ચડવી પડે છે. આ યાત્રા દરમિયાન ભક્તો ભજન-કીર્તન કરતા દેવી અંબાનો જયઘોષ કરે છે. આ પહાડ થી આખા વિસ્તારનું સુંદર દશ્ય પણ દેખાય છે,


વર્ષો પછી ૧૯૭૫ માં આ મંદિરનું નવી કારણ કરવામાં આવ્યું હતું. કરોડો રૂપિયાના ખર્ચે મંદિરનું નવી કરણ થયું અને તેને ભવ્ય તથા દિવ્ય સ્વરૂપ આપવામાં આવ્યું છે.

### અંબાજી મંદિર વિશે માહિતી : અંબાજી મંદિર

અંબાજી મંદિર પોતાની અદ્ભુત વાસ્તુકલા અને આધ્યાત્મિક મહત્તાને કારણે ભારતના મુખ્ય શક્તિપીઠોમાંનું એક છે. સફેદ સંગમરમરથી બનેલ આ મંદિરની રચના તેને વધુ ભવ્ય અને પવિત્ર બનાવે છે. મંદિરની આસપાસ વિસ્તૃત નક્કાશી અને ઉત્કૃષ્ટ શિલ્પકળા જોવા મળે છે, જેમાં દેવી-દેવતાઓ, પૌરાણિક કથાઓ અને લોકકથાઓના દશ્યો કોતરેલા છે. મંદિરના સ્તંભો, દીવાલો અને ગર્ભગૃહમાં સોના અને ચાંદીની અદ્ભુત કારીગરી જોવા મળે છે, અંબાજી મંદિરના આશરે ૯ જેટલા પ્રવેશદ્વારો આવેલાં છે, જેમાંથી મુખ્ય પ્રવેશદ્વાર શક્તિ દ્વાર તરીકે ઓળખાય છે. આ દ્વાર ભક્તો માટે મુખ્ય માર્ગ છે અને તેનું વિશેષ ધાર્મિક મહત્વ રહેલુ છે.

### રાજા દક્ષ અને સતીની કથા






શક્તિપીઠો નો સંબંધ માં સતી અને ભગવાન શિવની કથા સાથે જોડાયેલો છે. પાછળની વાર્તા રાજા દક્ષ, માં સતી અને ભગવાન શિવના પ્રેમ, અહંકાર અને બલિદાન સાથે જોડાયેલી છે. લોકવાર્તા મુજબ રાજા દક્ષ પ્રજાપતિ, જે ભગવાન બ્રહ્માના પુત્ર હતા. સૃષ્ટિના મહાન રચયિતાઓમાંના એક હતા. તેમની અનેક પુત્રીઓ હતી, જેમાં સૌથી નાની અને પ્રિય પુત્રી સતી હતી. માં સતીએ બાળપણથી જ ભગવાન શિવને પોતાના આરાધ્ય માન્યા અને તેમની તપસ્યા કરી. તેમની ઘોર તપસ્યાથી પ્રસન્ન થઈને ભગવાન શિવે તેમને પત્ની તરીકે સ્વીકાર કર્યા. પરંતુ રાજા દક્ષ આ લગ્નથી સંતુષ્ટ નહોતા. તેઓ ભગવાન શિવને ત્યાગી, અવઘડ, ભિખારી અને શ્મશાનમાં રહેનારા માનતા હતા અને તેમને રાજસી સન્માનના યોગ્ય નહોતા સમજતા. પરંતુ માં સતીનો અટલ પ્રેમ અને શિવની દિવ્યતાએ આ લગ્નને શક્ય બનાવ્યા. જોકે રાજા દક્ષનો શિવ પ્રત્યેનો દ્વેષ અને અહંકાર ઓછો થયો નહીં.

તેઓ સમય મળતાં ભગવાન શિવનો અપમાન કરવાની તક શોધતા રહ્યા. સમય વીતી જતાં રાજા દક્ષે એક વિશાળ યજ્ઞનું આયોજન કર્યું, જેમાં તમામ દેવતાઓ, ઋષિઓ અને રાજાઓને આમંત્રિત કર્યા, પરંતુ ભગવાન શિવને નહીં. જ્યારે માં સતીને ખબર પડી કે તેમના પિતાએ યજ્ઞ કર્યો છે અને શિવને આમંત્રણ નથી મોકલ્યું, તો તેઓ ખૂબ વ્યથિત થયા. ભગવાન શિવે તેમને સમજાવ્યું કે બિના બોલાવે જવું યોગ્ય નથી. પરંતુ માં સતીએ કહ્યું કે તેઓ પોતાના પિતાના યજ્ઞને જોવા અને તેમની સાથે વાત કરવા જવા માંગે છે. ભગવાન શિવે તેમને પરવાનગી આપી, પરંતુ નંદી અને ગણોને તેમની સાથે મોકલ્યા.

જ્યારે માં સતી યજ્ઞસ્થળે પહોંચ્યા તો તેમનો ભારે અપમાન કરવામાં આવ્યો. રાજા દક્ષે ભગવાન શિવ માટે અપમાનજનક શબ્દો કહ્યા અને તેમને અયોગ્ય અને તુચ્છ જાહેર કર્યા. સભામાં હાજર અન્ય દેવતાઓ મૌન રહ્યા, જેથી માં સતીનું દુઃખ વધુ વધ્યું. પોતાના પતિનો આ અપમાન તેઓ સહન ન કરી શક્યા અને ક્રોધિત થઈને યજ્ઞની અગ્નિમાં પોતાને ભસ્મ કરી દીધા. આ ઘટના અત્યંત ભયાનક હતી. સમગ્ર બ્રહ્માંડમાં હલચલ મચી ગઈ અને દેવતાઓમાં હાહાકાર મચી ગયો.

જ્યારે ભગવાન શિવને માં સતીના આત્મદાહના સમાચાર મળ્યા તો તેઓ શોક અને ક્રોધથી ભરાઈ ગયા. તેમણે પોતાના જટામાંથી વીરભદ્ર અને ભદ્રકાળીને પ્રગટ કર્યા. વીરભદ્રને આદેશ આપ્યો કે તે રાજા દક્ષ અને તેમના યજ્ઞનો સંહાર કરે. વીરભદ્ર યજ્ઞસ્થળે પહોંચીને સમગ્ર યજ્ઞને નાશ કરી દીધો અને રાજા દક્ષનું માથું કાપી નાખ્યું. ભગવાન શિવનો તાંડવ એટલો ભયંકર હતો કે સમગ્ર સૃષ્ટિ ડગમગવા લાગી.

### શિવ પાર્વતી અને સુદર્શન





ભગવાન શિવ વિલાપમગ્ન અવસ્થામાં માં સતીના નિર્જીવ શરીરને ખભે ઉપાડીને ત્રિલોકમાં ફરવા લાગ્યા. તેમનો આ તાંડવ સમગ્ર બ્રહ્માંડ માટે સંકટ બની ગયો. ત્યારે ભગવાન વિષ્ણુએ આ વિનાશને રોકવા માટે સુદર્શન ચક્રનો પ્રયોગ કર્યો. તેમના ચક્રથી માં સતીનું શરીર ખંડખંડ થઈ ગયું અને તેમના અંગ અલગ-અલગ સ્થળોએ પડવા લાગ્યા. માં સતીના અંગ જ્યાં-જ્યાં પડ્યા તે સ્થળો શક્તિપીઠ તરીકે પૂજનીય બન્યા. એવું માનવામાં આવે છે કે અંબાજી મંદિર તે સ્થળે આવેલું છે જ્યાં માં સતીનું હૃદય પડ્યું હતું. આ જ કારણે આ મંદિરનું વિશેષ મહત્વ છે અને તેને શક્તિ ઉપાસનાનું મુખ્ય કેન્દ્ર માનવામાં આવે છે. આ રીતે માં સતીના બલિદાન અને ભગવાન શિવની ભક્તિથી શક્તિપીઠોનો જન્મ થયો. હિંદુ ધર્મમાં કુલ ૫૧ શક્તિપીઠોનું વર્ણન મળે છે, જે ભારત, નેપાળ, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં આવેલા છે. દરેક શક્તિપીઠ પર દેવીના એક વિશેષ સ્વરૂપની પૂજા થાય છે અને અહીં ભગવાન શિવ ભૈરવ રૂપમાં દેવીની રક્ષા કરે છે.

### અંબાજી અને દાંતા રાજાની કથા



પૌરાણિક માન્યતાઓ અનુસાર માતા અંબાજીનું મૂળ સ્થાન ખેડ બ્રહ્મા માનવામાં આવે છે. દાંતા રાજ્યના પૂર્વ મહારાજા અંબાજી માતાજીના અનન્ય ભક્ત હતા અને તેઓ ઈચ્છતા હતા કે માતા તેમના રાજ્યમાં વિરાજમાન થાય. તેમણે માતાજીને પ્રાર્થના કરી કે 'હે માં, મારા રાજ્યમાં પધારો જેથી સમગ્ર રાજ્યને તમારો આશીર્વાદ મળે. અંબાજી માતાજી તેમની ભક્તિથી પ્રસન્ન થઈ અને કહ્યું, "હું તારી પાછળ આવીશ, પરંતુ એક શરત છે પાછળ વળી ને નહીં જો. હું તારી પાછળ ચાલું છું.'' મહારાજા અત્યંત શ્રદ્ધાથી આગળ વધ્યા અને અંબાજી માતાજીની ઉપસ્થિતિને અનુભવતા ચાલતા રહ્યા. જ્યારે તેઓ ગાઢ જંગલમાં પહોંચ્યા ત્યારે તેમને શંકા થઈ કે માતા તેમની સાથે છે કે નહીં. ઉત્સુકતાવશ તેમણે પાછળ વળીને જોઈ લીધું. જેવું તેમણે એવું કર્યું કે અંબાજી માતાજી ત્યાં જ સ્થિર થઈ ગઈ અને આગળ વધવાનો ઈનકાર કરી દીધો. મહારાજાને પોતાની ભૂલનો અહેસાસ થયો. પરંતુ અંબાજી માતાજીએ કહ્યું કે હવે તેઓ આ જ સ્થળે રહેશે. મહારાજાએ તે જ સ્થળે માતાજી માટે એક ભવ્ય મંદિરનું નિર્માણ કરાવ્યું, જે સમય સાથે અંબાજી મંદિર તરીકે પ્રસિદ્ધ થયું એવી લોકવાયક છે.

# કાંદા કાપવાથી કેમ રડવું આવે છે : આંખમાંથી પાણી નિકળવાના વિજ્ઞાન વિશે જાણો

વર્ષોથી કોઈ પણ વ્યક્તિ માટે કાંદા કાપવાનું કામ ખૂબ જ મુશ્કેલી ભર્યું રહ્યું છે. વિજ્ઞાન સાથે સંકળાયેલા ઘણાં લોકોને ખબર હશે કે સલ્ફર સાથે સંકળાયેલા કમ્પાઉન્ડને કારણે આંખમાંથી પાણી આવે છે. જોકે આંખમાં પાણી આવવાની પ્રોસેસ વિશે કોઈને હજી સુધી ખબર નથી. હાલમાં એક હાઈ-સ્પીડ ઈમેજિંગ રિસર્ચ પરથી જાણવા મળ્યું છે કે કાંદા કાપવું એક સરળ કેમિકલ રિએક્શન નથી, પરંતુ એક ડાયનામિક ફિઝિકલ પ્રોસેસ છે.

**બે-સ્ટેજ પર થાય છે પ્રોસેસ**

રિસર્ચરે શોધી કાઢ્યું છે કે જ્યારે કાંદાને કાપવામાં આવે છે ત્યારે એમાં બે પ્રોસેસ થાય છે. પહેલી પ્રોસેસમાં હાઈ-સ્પીડમાં એક બિંદુ હવામાં સ્પ્રેની જેમ ઉછળે છે. ત્યાર બાદ કાંદાને વધુ કાપતા એમાં રહેલાં ધીમા અને જાડા બિંદુઓ એક મોટા બિંદુમાં પરિવર્તન પામે છે. આથી આ બિંદુઓ થોડી વાર રહીને ફરી હાઈ-સ્પીડમાં હવામાં સ્પ્રેની જેમ ઉછળે છે. એ જેવા આંખમાં જાય કે આંખમાં તરત જ બળતરા થવા માંડે છે અને પાણી આવવાનું શરૂ થઈ જાય છે.

**ચપ્પુ ધારદાર હોવું જરૂરી**

એક રિસર્ચ પરથી જાણવા મળ્યું છે કે ચપ્પુ જેટલું ધારદાર હોય એટલું ઓછું સ્પ્રે થાય છે. એટલે કે કાંદાને કઈ રીતે કાપવામાં આવે એનાથી આંખમાં કેટલું પાણી આવશે એ નક્કી થાય છે. આ માટે ચપ્પુ ધારદાર હોવું ખૂબ જ જરૂરી છે. કાંદા કાપવા માટેની એક અદ્ભુત રીત છે. રિસર્ચ દ્વારા જાણવા મળ્યું છે કે કાંદાને કાપવા માટે ધારદાર ચપ્પુનો ઉપયોગ કરવામાં આવે અને એને ધીમે-ધીમે કાપવામાં આવે તો એમાંથી જે બિંદુ હવામાં સ્પ્રે થાય છે એ ખૂબ



જ ઓછા થઈ જશે. આથી જેટલું ઓછું બિંદુ એટલું ઓછું પાણી. જૂના ચપ્પુથી કાંદા કાપવામાં વાર લાગે છે અને એટલું પાણી વધુ નીકળે છે અને એટલાં બિંદુ મોટા બને છે. આથી ચપ્પુ ધારદાર હશે તો આંખમાં એટલી અસર નહીં થાય.

કાંદાને જેટલું ઝડપથી કાપવામાં આવશે એટલા જ બિંદુ ઝડપથી સ્પ્રે થશે અને એનાથી વધુ પાણી આંખમાં આવશે. આથી કાંદા કાપવામાં ફિઝિક્સ પણ રહેલું છે.

**કાંદાનું પણ પોતાનું હોય છે કવચ**

કાંદા પર રિસર્ચ કરવામાં આવ્યું ત્યારે જાણવા મળ્યું કે કાંદાનું પોતાનું એક કવચ હોય છે.

કાંદાનું બહારનું પડ એકદમ સખત હોય છે અને અંદરના નરમ હોય છે. આથી જ્યારે કાંદા કપાઈ જાય ત્યારે અંદરના બિંદુઓને એકદમ બહાર આવતાં ઉપરનું પડ અટકાવે છે.

જોકે કાંદો જ્યારે સાઈડ પર પડી જાય ત્યારે એ બિંદુ બહાર સરળતાથી નીકળી જાય છે. આથી જ એક્સપર્ટ જ્યારે કાંદા કાપતા હોય ત્યારે તેમનો કાંદો જે રીતે કાપવા મુક્યો હોય ત્યારે હોય એ જ રીતે દેખાય છે. હાથ છોડતા દરેક સ્લાઈસ નીચે પડે છે.

**જર્મ્સ પણ જોવા મળે છે કાંદામાં**

કાંદા કાપવાથી આંખમાં પાણી કેવી રીતે આવે છે એની સાથે રિસર્ચ દ્વારા જાણવા મળ્યું છે કે આ બિંદુઓને કારણે જર્મ્સ પણ ફેલાય છે.

ધાર વિનાના ચપ્પુ દ્વારા કાંદા કાપવામાં આવે તો એમાંથી સ્પ્રે થતાં બિંદુઓ દૂર સુધી ઉડે છે. આ બિંદુઓને કારણે બેક્ટેરિયા વધુ ફેલાય છે. આથી કાંદા કાપ્યા બાદ આસપાસની જગ્યા પણ સાફ કરવી જરૂરી છે.

### ૫૦ દવા પેઢીઓના પરવાના રદ

# નકલી અને ગેરકાયદેસર દવાઓ સામે રાજ્યમાં 'ઝીરો ટોલરન્સ' નીતિ

## ૯૩ લાખથી વધુ કિંમતનો ૪૨, ૯૮૮ કિલોગ્રામથી વધુ શંકાસ્પદ ખાદ્ય જથ્થો જપ્ત : કાર્યવાહી કરવા મંત્રીની સૂચના




ગાંધીનગર,

ગાંધીનગર સચિવાલય ખાતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં 'ખોરાક અને ઔષધ નિયમન તંત્ર' દ્વારા ઓગસ્ટ-૨૦૨૬ દરમિયાન રાજ્યભરમાં હાથ ધરાયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન મંત્રીએ રાજ્યના નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર તત્વો સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી કડકમાં કડક કાયદેસરની કાર્યવાહી કરવા સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. આ અંગે વધુ વિગતો આપતા મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, FDCA દ્વારા હાથ ધરાયેલી સઘન તપાસના પરિણામે ગંભીર ક્ષતિઓ જણાયેલી ૫૦ દવા પેઢીઓના વેચાણ પરવાના રદ કરવામાં આવ્યા છે. ઉપરાંત, રિસ્ક બેઝ્ડ ઈન્સ્પેક્શન હેઠળ ૨ દવા ઉત્પાદક પેઢીઓને ક્લોઝર ઓર્ડર, ૮ ઉત્પાદક પેઢીઓના પરવાના સ્થગિત તથા ૧૧ દવાઓના બનાવટ ના પરવાના રદ કરવામાં આવ્યા છે. લેબોરેટરીની તપાસમાં અપ્રમાણસર જાહેર થયેલી ૨૦ દવાઓના ઉત્પાદકો સામે કારણદર્શક નોટિસ પાઠવી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જ્યારે રાજ્યમાં તપાસ કરવામાં આવેલા ૪૨ બ્લડ સ્ટોરેજ સેન્ટર્સ પૈકી ૩ને ક્લોઝર ઓર્ડર તથા ૧૨ને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. વધુમાં, ગ્રામ્ય વિસ્તારોમાં એન્ટીબાયોટિક દવાઓની ગુણવત્તા ચકાસવા માટે વિશેષ ડ્રાઈવ યોજવામાં આવી હતી, જેમાં કુલ ૫૮૮ દવાઓના નમૂના લેવામાં આવ્યા હતા.

નશાકારક અને બનાવટી દવાઓના નેટવર્ક સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે તેમ જણાવતા મંત્રી પાનશેરીયાએ જણાવ્યું કે, નશાકારક તથા બનાવટી દવાઓના ગેરકાયદેસર નેટવર્ક સામે અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણા ખાતેની પેઢીઓ માં FDCA દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત એસ.ઓ.જી. સાથે ની સંયુક્ત તપાસ માં વડોદરા જિલ્લાના વાઘોડિયા ખાતે મેડિકલ સ્ટોરની બાજુની દુકાનમાંથી ગેરકાયદેસર રીતે વેચાણ કરવામાં આવતા ટ્રામાડોલ સહિતના નશાકારક ઈન્જેક્શનનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો હતો અને NDPS ACT. હેઠળ કાર્યવાહી કરવા માં આવી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બનાવટી 'Nicardia Retard ૧૦' ટેબ્લેટ્સના કેસમાં સપ્લાય ચેઈન સુધી તપાસ કરવામાં આવી રહી છે, જે અંતર્ગત J.B. Chemicals દ્વારા ઉત્પાદિત હોવાનું દર્શાવતી બનાવટી 'Nicardia Retard 10' ટેબ્લેટ્સના વેચાણ અંગે ૩૦થી વધુ સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યવાહી દરમિયાન રૂ. ૧.૭૫ લાખથી વધુનો શંકાસ્પદ જથ્થો જપ્ત/ પ્રતિબંધિત કરવામાં આવ્યો છે.

તપાસ દરમિયાન ઉત્તર પ્રદેશના લખનઉ સ્થિત સેના ફાર્માથી શરૂ થઈ અમદાવાદ અને સાણંદ સુધી વિસ્તરેલી સપ્લાય ચેઈનનો પર્દાફાશ થયો છે. સમગ્ર નેટવર્કના મૂળ ઉત્પાદક સુધી પહોંચવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### CG રોડ પર સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સિસ્ટમ શરૂ

# બોપલમાં માટીમાં દબાઈ ફ્લેપ પાર્કિંગ સિસ્ટમ

## હવે આ સિસ્ટમને બોપલમાંથી અન્ય સ્થળે ખસેડવાની તૈયારી કરવામાં આવી રહી છે

અમદાવાદ

અમદાવાદમાં સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સિસ્ટમને લઈને હવે વિરોધાભાસી તસવીર સામે આવી છે. સાઉથ બોપલના સોબો સેન્ટર વિસ્તારમાં લગાવવામાં આવેલી ફ્લેપ પાર્કિંગ સિસ્ટમ ઉપયોગ વગર જ પડી રહી અને કેટલાક ફ્લેપ માટીમાં દબાઈ ગયા હોવાની સ્થિતિ સર્જાઈ છે. હવે આ સિસ્ટમને બોપલમાંથી અન્ય સ્થળે ખસેડવાની તૈયારી કરવામાં આવી રહી છે.

બીજી તરફ અમદાવાદના સૌથી વ્યસ્ત વિસ્તારોમાંના એક CG રોડ પર આજથી સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. સ્ટેડિયમ ક્રોસ રોડથી પંચવટી ક્રોસ રોડ સુધીના વિસ્તારમાં ૨૮૦ સ્માર્ટ ફ્લેપ પાર્કિંગ સ્લોટ કાર્યરત કરાયા છે.

સાઉથ બોપલના સોબો સેન્ટર રોડ પર અગાઉ લગાવવામાં આવેલી સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમનો ઉપયોગ ન થતાં હવે તે સ્થળે પાર્કિંગની વ્યવસ્થા ફરી અસ્તવ્યસ્ત જોવા મળી રહી છે. AMC હવે ત્યાંની સિસ્ટમને અન્ય સ્થળે ખસેડવાની દિશામાં આગળ વધી રહી છે. અગાઉ શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં ફ્લેપ પાર્કિંગના પાયલોટ અને સ્થાપન દરમિયાન અમલીકરણની સમસ્યાઓ પણ સામે આવી હતી.

CG રોડ પર નવી સિસ્ટમમાં કાર નિર્ધારિત સ્લોટમાં પાર્ક થતાં જ સેન્સર આધારિત ફ્લેપ બેરિયર ઉપર આવી વાહનને લોક કરશે. વાહન બહાર કાઢતી વખતે QR કોડ સ્કેન કરીને ડિજિટલ પેમેન્ટ કર્યા બાદ ફ્લેપ અનલોક થશે. પ્રથમ ૫ મિનિટ માટે પાર્કિંગ મફત રહેશે. ત્યારબાદ પ્રતિ કલાક રૂ. ૨૦નો ચાર્જ ચૂકવવો પડશે. આ વ્યવસ્થા માત્ર ફોર-વ્હીલર માટે છે અને રોકડ પેમેન્ટ સ્વીકારવામાં આવશે નહીં. CG રોડ પર પાર્કિંગ કરનારા કેટલાક કાર ચાલકોએ નવી વ્યવસ્થાને સારી ગણાવી છે. અત્યાર સુધી પાર્કિંગ ફી ચૂકવવા માટે પાર્કિંગ સંચાલકને શોધવાની મુશ્કેલી પડતી હતી, જ્યારે હવે QR કોડ સ્કેન કરીને સીધું ડિજિટલ પેમેન્ટ કરી શકાય છે.

જો કે મોટો સવાલ એ છે કે બોપલમાં જે સિસ્ટમ જમીનમાં દબાઈ ગઈ, તે જ ટેકનોલોજી CG રોડ પર કેટલા સમય સુધી સફળતાપૂર્વક ચાલશે? હવે આ નવી વ્યવસ્થાની સફળતા તેના નિયમિત સંચાલન અને જાળવણી પર નિર્ભર રહેશે.

### ગાંધીનગરથી રાત્રે ઉપડશે અને સવારે દ્વારકા પહોંચાડશે

# ગાંધીનગર – દ્વારકા વચ્ચે જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન દોડશે

## આ ટ્રેનમાં તમામ કોચ જનરલ કેટેગરીના અનારક્ષિત રાખવામાં આવ્યા છે, જેથી શ્રદ્ધાળુઓ એડવાન્સ રિઝર્વેશન વગર સરળતાથી મુસાફરી કરી શકશે



ગાંધીનગર

જન્માષ્ટમી પર્વ દરમિયાન દ્વારકાધામમાં દર્શન અર્થે જતા શ્રદ્ધાળુઓની ભારે ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. પશ્ચિમ રેલવે દ્વારા ગાંધીનગર કેપિટલ અને દ્વારકા વચ્ચે જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે. ટ્રેન નંબર ૦૯૫૨૧/૦૯૫૨૨ ગાંધીનગર કેપિટલ-દ્વારકા અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન ૩, ૪ અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન બંને દિશામાં દોડશે. ૩ દિવસમાં આ સ્પેશિયલ ટ્રેનના કુલ ૬ ફેરા થશે. આ ટ્રેનમાં તમામ કોચ જનરલ કેટેગરીના અનારક્ષિત રાખવામાં આવ્યા છે, જેથી શ્રદ્ધાળુઓ એડવાન્સ રિઝર્વેશન વગર સરળતાથી મુસાફરી કરી શકશે.

આ સ્પેશિયલ ટ્રેનની સમયસારણી મુસાફરો માટે અત્યંત સુવિધાજનક રાખવામાં આવી છે. ટ્રેન નંબર ૦૯૫૨૧ ગાંધીનગર કેપિટલ-દ્વારકા સ્પેશિયલ ટ્રેન ગાંધીનગરથી રાત્રે ૨૦:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૫:૫૦ વાગ્યે દ્વારકા પહોંચશે. અમદાવાદ, ગાંધીનગર સહિતના આસપાસના વિસ્તારોમાંથી જન્માષ્ટમી પર દર્શન માટે જતા ભક્તો માટે આ રાત્રિ મુસાફરીનો ઉત્તમ વિકલ્પ સાબિત થશે. પરત ફરતી વખતે ટ્રેન નંબર ૦૯૫૨૨ દ્વારકા-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ ટ્રેન દ્વારકાથી સવારે ૦૬:૫૦ વાગ્યે ઉપડશે અને સાંજે ૧૭:૦૦ વાગ્યે ગાંધીનગર કેપિટલ પરત પહોંચશે.

યાત્રિકોની સુવિધા માટે આ જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન બંને દિશામાં મહત્ત્વના સ્ટેશનો પર રોકાણ કરશે. આ ટ્રેન ચાંદલોડિયા બી, આંબલી રોડ, વિરમગામ, લખતર, સુરેન્દ્રનગર, થાન, વાંકાનેર, રાજકોટ, હાપા, જામનગર, કાનાલુસ, ખંભાળિયા અને ભાટિયા સ્ટેશને રોકાશે. આ સ્ટેશનો પર સ્ટોપેજ મળવાથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના અનેક નાગરિકોને દ્વારકાધીશના દર્શન કરવા જવામાં મોટી સુગમતા રહેશે. પશ્ચિમ રેલવે દ્વારા જાહેર કરાયેલા ટાઈમટેબલ મુજબ, ગાંધીનગરથી દ્વારકા તરફ જતી ટ્રેન (૦૯૫૨૧) રાત્રે ૨૦:૦૦ વાગ્યે ઉપડી સવારે ૦૫:૫૦ વાગ્યે દ્વારકા પહોંચશે. જ્યારે દ્વારકાથી ગાંધીનગર આવતી ટ્રેન (૦૯૫૨૨) સવારે ૦૬:૫૦ વાગ્યે ઉપડી સાંજે ૧૭:૦૦ વાગ્યે પહોંચશે. આ ટ્રેનમાં તમામ કોચ અનારક્ષિત હોવાથી મુસાફરો તાત્કાલિક ટિકિટ લઈને મુસાફરી કરી શકશે. જન્માષ્ટમીના પાવન પર્વે દ્વારકા દર્શનાર્થે જતા હજારો શ્રદ્ધાળુઓ માટે આ ટ્રેન ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

### SOG સેન્ટરમાં ખાખી લજવાઈ

# એક ખુરશી માટે બે પોલીસકર્મી બાખડ્યા, પાઈપ વડે મારામારી

## પોલીસકર્મીઓ સામે જ ગુનો દાખલ થતાં એરપોર્ટ પોલીસે કાયદાકીય કાર્યવાહી સાથે ખાતાકીય તપાસ ચક્ર પણ ગતિમાન કર્યા છે

અમદાવાદ,

અમદાવાદના સરદારનગર ખાતે આવેલા SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) જોઈન્ટ ઈન્ટ્રોગ્રેશન સેન્ટર ખાતે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ અંદરોઅંદર બાખડ્યા હોવાની એક શરમજનક ઘટના સામે આવી છે. અત્યંત શિસ્તબદ્ધ ગણાતા પોલીસ બેડામાં માત્ર એક ખુરશી લેવા જેવી નજીવી બાબતે બે પોલીસકર્મીઓ વચ્ચે તીવ્ર બોલાચાલી થઈ હતી. જોતજોતામાં આ સામાન્ય તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં બંને કર્મચારીઓ શિસ્તના તમામ નિયમો નેવે મૂકીને સરેઆમ મારામારી પર ઉતરી આવ્યા હતા.

આ બબાલ દરમિયાન આવેશમાં આવી ગયેલા એક પોલીસ કોન્સ્ટેબલે ત્યાં પડેલી પ્લાસ્ટિકની પાઈપ વડે હેડ કોન્સ્ટેબલ પર હુમલો કરી દીધો હતો. પાઈપના ફટકા વાગવાને કારણે હેડ કોન્સ્ટેબલને શરીરે ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે સેન્ટર પર હાજર અન્ય કર્મચારીઓમાં અફરાતફરી મચી ગઈ હતી. સાથી કર્મચારીઓએ તુરંત જ બચાવ કામગીરી કરી ઈજાગ્રસ્ત પોલીસકર્મીને તાત્કાલિક ધોરણે વધુ સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવાની વ્યવસ્થા કરી હતી.

પોલીસ મથક કે ઈન્ટ્રોગ્રેશન સેન્ટર જેવા સંવેદનશીલ સ્થળે જ કર્મચારીઓ વચ્ચે થયેલી મારામારીને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે. આ સમગ્ર ઘટના અંગે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં હુમલો કરનાર કોન્સ્ટેબલ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેમના શિરે છે તેવા પોલીસકર્મીઓ સામે જ ગુનો દાખલ થતાં એરપોર્ટ પોલીસે કાયદાકીય કાર્યવાહી સાથે ખાતાકીય તપાસ ચક્ર પણ ગતિમાન કર્યા છે.

### દરવાજો ખોલતાં સામે આવ્યું લોહીથી લથપથ ભયાનક દ્રશ્ય

# અંબોડમાં ફ્લેટમાંથી ૬૩ વર્ષીય વૃદ્ધનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર

માણસા તાલુકાના અંબોડ ખાતે આવેલી પ્રિયંકા ગોલ્ડ રેસિડેન્સીમાં એક વૃદ્ધની હત્યાની ઘટના સામે આવતાં સમગ્ર વિસ્તારમાં હડકંપ મચી ગયો છે. મૂળ રાજસ્થાનના અને હાલમાં પ્રિયંકા ગોલ્ડ રેસિડેન્સીમાં રહેતા ૬૩ વર્ષીય બાબુભાઈ ડોડીયાની માથાના ભાગે બોથડ પદાર્થ મારી હત્યા કરવામાં આવી હોવાની માહિતી સામે આવી છે.

પ્રાથમિક માહિતી મુજબ નિવૃત્ત પાણી પુરવઠા વિભાગના પટાવાળા બાબુભાઈ ડોડીયા ગઈકાલે બપોરે પોતાના ફ્લેટ પર આવ્યા હતા. ત્યારબાદ પરિવારજનો દ્વારા તેમને ફોન કરવામાં આવ્યો હતો, પરંતુ બાબુભાઈએ ફોન ઉપાડ્યો નહોતો. ફોન પર સંપર્ક ન થતાં પરિવારજનોને શંકા ગઈ હતી અને તેઓ ફ્લેટ પર પહોંચ્યા હતા. ત્યાં ફ્લેટનો દરવાજો લોક જોવા મળતાં પરિવારજનો વધુ ચિંતામાં મુકાયા હતા.

ફ્લેટની અંદર તપાસ કરતાં બાબુભાઈ ડોડીયા મૃત હાલતમાં મળી આવ્યા હોવાનું સામે આવ્યું છે. તેમના માથાના ભાગે બોથડ પદાર્થ વડે હુમલો કરવામાં આવ્યો હોવાની પ્રાથમિક આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતાં આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. હત્યા કોણે અને કયા કારણોસર કરી તે અંગે હજુ સુધી સ્પષ્ટ માહિતી સામે આવી નથી.

ઘટનાની જાણ થતાં માણસા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પણ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા ફ્લેટ અને આસપાસના વિસ્તારની તપાસ કરવામાં આવી રહી છે. હત્યાના કારણ અને આરોપી સુધી પહોંચવા માટે વિવિધ દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. વૃદ્ધના ફોન ન ઉપાડવાથી પરિવારજનોને શંકા ગઈ અને ફ્લેટ સુધી પહોંચતાં આ સમગ્ર હત્યાકાંડનો ભેદ ખુલ્યો હોવાનું સામે આવ્યું છે. હવે પોલીસ તપાસમાં હત્યા પાછળનું કારણ અને હત્યારાની ઓળખ બહાર આવશે.

### વટવા GIDC મર્ડરનો ભેદ ઉકેલાયો

# જામીન પર બહાર આરોપીએ ફરી હત્યા કરી નાંખી, બે ઝડપાયા

## અજીતસિંહ ચૌહાણની હત્યામાં સંડોવાયેલા હિતેશ સોલંકી અને રવિ સોલંકીને પોલીસે ઝડપી લીધા છે

અમદાવાદ,

વટવા GIDC વિસ્તારમાં મકાનની માલિકીને લઈને ચાલતી જૂની અદાવતમાં થયેલી હત્યાનો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં જ ભેદ ઉકેલી નાંખ્યો છે. અજીતસિંહ ચૌહાણની હત્યામાં સંડોવાયેલા હિતેશ સોલંકી અને રવિ સોલંકીને પોલીસે ગીતામંદિર વિસ્તારમાંથી ઝડપી લીધા છે. બંને આરોપીઓ પોલીસને ચકમો આપી શહેરમાંથી ભાગી છૂટવાની ફિરાકમાં હતા, તે પહેલાં જ ક્રાઈમ બ્રાન્ચે તેમને દબોચી લીધા હતા. આ કેસમાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓ અક્ષય અને ધર્મેશને ઝડપી લેવા પોલીસે તપાસ શરૂ કરી છે.

વટવા GIDC પાસે જશોદાનગર ત્રિકમપુરાના ચાર માળિયા વિસ્તારમાં મકાનની માલિકીને લઈને અજીતસિંહ ચૌહાણ અને આરોપીઓ વચ્ચે લાંબા સમયથી અદાવત ચાલી રહી હતી. દરમિયાન રાત્રે આશરે ૯:૩૦ વાગ્યાના સમયે અજીતસિંહ ચૌહાણ તેના મિત્ર અર્જુન સાથે ચાર માળિયા વિસ્તારમાં ગયો હતો. આ દરમિયાન ત્યાં રહેતા હરેશ ઉર્ફે હિતેશ સોલંકી અને તેના ભાઈઓ અક્ષય સોલંકી, રવિ સોલંકી અને ધર્મેશ સોલંકી સાથે અજીતસિંહનો કોઈ મુદ્દે ઝઘડો થયો હતો. મામલો ઉગ્ર બનતા આરોપીઓ તલવાર અને પાઈપ લઈને આવ્યા હતા.

આરોપીઓએ અજીતસિંહ ચૌહાણના માથામાં તલવાર અને પાઈપ વડે હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓને કારણે અજીતસિંહ લોહીલુહાણ થયો હતો. અજીતસિંહને બચાવવા માટે વચ્ચે પડેલા તેના મિત્ર અર્જુન અને હેમંતસિંહ નેગી પર પણ આરોપીઓએ હુમલો કર્યો હતો. ત્યારબાદ ચારેય આરોપીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન અજીતસિંહ ચૌહાણનું મોત થયું હતું અને અન્ય બે ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે.

ઘટનાની જાણ થતાં વટવા GIDC પોલીસ હોસ્પિટલ પહોંચી હતી અને હેમંતસિંહ નેગીની ફરિયાદના આધારે હત્યાનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને આરોપીઓ અંગે બાતમી મળી હતી. બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગીતામંદિર વિસ્તારમાં વોચ ગોઠવી હતી. હિતેશ અને રવિ શહેરમાંથી ભાગી છૂટવાની ફિરાકમાં હતા ત્યારે જ પોલીસે બંનેને ઝડપી લીધા હતા. પોલીસ તપાસમાં હિતેશ સોલંકી અગાઉ પણ હત્યાના ગુનામાં પકડાયો હોવાનું સામે આવ્યું છે. અગાઉ મિતેષ નામના શખ્સને ધાબા પરથી ફેંકીને હત્યા કરવાના કેસમાં આરોપીઓને આજીવન કેદની સજા થઈ હોવાનું પોલીસનું કહેવું છે. હાલ બંને આરોપીઓ જામીન પર બહાર હતા. આથી ક્રાઈમ બ્રાન્ચ હવે આરોપીઓના અગાઉના ગુનાહિત રેકોર્ડની પણ તપાસ કરી રહી છે.

ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા પ્રમાણે, ચાર માળિયામાં આવેલા મકાનની માલિકી અને તેને ગીરવે રાખવા બાબતે બંને પક્ષો વચ્ચે લાંબા સમયથી માથાકૂટ ચાલી રહી હતી.

આ જ અદાવતે અંતે હિંસક સ્વરૂપ ધારણ કર્યું અને અજીતસિંહ ચૌહાણની હત્યા થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ કેસમાં કુલ ચાર આરોપીઓ સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે. તેમાંથી હિતેશ અને રવિ ઝડપાઈ ગયા છે, જ્યારે અક્ષય અને ધર્મેશને ઝડપી લેવા પોલીસની અલગ-અલગ ટીમો તપાસ કરી રહી છે.

### ૮૩ સેમ્પલનું ઓન-ધ-સ્પોટ ચેકિંગ

# બનાસકાંઠા જિલ્લાનું ફૂડ સેફ્ટી તંત્ર સંપૂર્ણપણે એક્શન મોડમા

## અંબાજી અને આસપાસના વિસ્તારમાં ફૂડ વિભાગ દ્વારા વ્યાપક તપાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે

બનાસકાંઠા

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે યોજાનારા મિની કુંભ સમાન ભાદરવી પૂનમના મહામેળા અગાઉ બનાસકાંઠા જિલ્લાનું ફૂડ સેફ્ટી તંત્ર સંપૂર્ણપણે એક્શન મોડમાં આવી ગયું છે.

મહામેળા દરમિયાન દેશ-વિદેશમાંથી આવતા લાખો માઈભક્તો અને પદયાત્રીઓને શુદ્ધ અને સલામત ભોજન મળી રહે તે હેતુથી અંબાજી અને આસપાસના વિસ્તારમાં ફૂડ વિભાગ દ્વારા વ્યાપક તપાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ફૂડ સેફ્ટી વાન સાથેની ખાસ ટુકડીએ અંબાજી વિસ્તારની કુલ ૭૨ જેટલી ખાદ્ય પેઢીઓ અને દુકાનોમાં અચાનક દરોડા પાડીને સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.આ તપાસ ઝુંબેશ દરમિયાન ફૂડ સેફ્ટી વાનની મોબાઈલ લેબ દ્વારા વિવિધ ખાદ્ય સામગ્રીના ૮૩ જેટલા સેમ્પલનું સ્થળ પર જ તાત્કાલિક ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન સ્વાસ્થ્ય માટે હાનિકારક એવા ૭ લીટર બળેલા (દાઝિયા) તેલ, ૩ કિલો અખાદ્ય પેપર અને ૨ ડબ્બી જેટલા સિન્થેટિક કલરનો જથ્થો મળી આવતાં અધિકારીઓએ તેનો સ્થળ પર જ તુરંત નાશ કર્યો હતો. અખાદ્ય પદાર્થોનું વેચાણ કરીને લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા વેપારીઓને કડક ચેતવણી પણ આપવામાં આવી હતી.

ભાદરવી પૂનમના મહામેળામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા હોય છે, ત્યારે તેમના સ્વાસ્થ્યની સુરક્ષા જળવાઈ રહે તે તંત્ર માટે પ્રાથમિકતા છે. જિલ્લા તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે મેળાના સમયગાળા દરમિયાન પણ આ પ્રકારનું સરપ્રાઈઝ ચેકિંગ સતત ચાલુ રાખવામાં આવશે. કોઈ પણ વેપારી મિલાવટી કે અખાદ્ય સામગ્રી વેચતો પકડાશે તો તેની સામે ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ આકરી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

### બાળકોની સુરક્ષા સામે ચેડા

# ભણવાના સમયે વિદ્યાર્થીઓ પાસે ઉંચકાવ્યા સિમેન્ટના ભારે બ્લોક

## પ્રશાસન અને શાળા તંત્રની ઘોર બેદરકારીને કારણે માસુમ બાળકો જોખમમાં મુકાયા હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે

દાહોદ,

દાહોદની જાણીતી જી.પી. ધનકા શાળામાંથી શિક્ષણ જગતને શરમાવે તેવી એક ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે, જેમાં શાળાના માસુમ વિદ્યાર્થીઓ પાસે અભ્યાસના સમયે સિમેન્ટના ભારે બ્લોક ઉંચકાવવામાં આવી રહ્યા છે. શૈક્ષણિક સંકુલમાં બાળકો પાસે આ પ્રકારે મજૂરી કરાવતો વીડિયો સામે આવતાં જ સમગ્ર જિલ્લાની શિક્ષણ વ્યવસ્થા અને શાળા તંત્રની લાલિયાવાડી સામે અનેક ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

શાળામાં બાળકો પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે ભણવા આવતા હોય છે, પરંતુ તેમના હાથમાં પુસ્તકોના બદલે સિમેન્ટના ભારે બ્લોક પકડાવી દેવાતાં વાલીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે. વિદ્યાર્થીઓની સુરક્ષા અને તેમના સ્વાસ્થ્ય સાથે સરેઆમ ચેડાં કરતી આ પ્રવૃત્તિ જોઈને સ્થાનિક પ્રજા અને વાલી મંડળોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. પ્રશાસન અને શાળા તંત્રની ઘોર બેદરકારીને કારણે માસુમ બાળકો જોખમમાં મુકાયા હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. આ સમગ્ર મામલે હવે જિલ્લા શિક્ષણ તંત્ર તાત્કાલિક અસરથી વહેલી તકે કડક અને નિષ્પક્ષ તપાસ હાથ ધરે તેવી પ્રબળ માગ ઊઠી છે.

સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહેલા આ વીડિયોની સત્યતા ચકાસીને માસુમ બાળકો પાસે મજૂરી કરાવનાર જવાબદાર શિક્ષકો તેમજ શાળા સંચાલકો સામે કાયદાકીય અને શિસ્તભંગની આકરી કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાગ જોર પકડી રહી છે.

# પોસ્ટ ઓફિસ બહાર રાજકોટની એક યુવતીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

રાજકોટ,

ગોંડલ શહેરમાં પોસ્ટ ઓફિસ બહાર રાજકોટની એક યુવતીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર મચી ગઈ છે. અગમ્ય કારણોસર યુવતીએ આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ મારફતે યુવતીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટના સદર બજાર સ્થિત હેડ પોસ્ટ ઓફિસમાં જ ફરજ બજાવતી ૨૭ વર્ષીય સ્વાતિ ગડોધરા હાલ રજા પર હતી. યુવતી રાજકોટના બજરંગ વાડી વિસ્તારની રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

ચોંકાવનારી વાત એ છે કે યુવતી રજા પર હોવા છતાં ગોંડલ પહોંચી હતી અને ત્યાં પોસ્ટ ઓફિસ બહાર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. યુવતીએ આવું આત્મઘાતી પગલું કયા કારણોસર ભર્યું તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

Published and Owned by **SATHWARA HITESH** and Printed by : **Hiteshbhai Panchal** and Printed at : **Shree Ganesh Offset**, A/6, Shubh Labh Estate, Near Mayur Soap Factory, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and Published from 99 Mahadev Vas-2, Near Shark Market, Nava Badaj, Naranpura Bistar, Ahmedabad, Gujarat-380013. **EDITOR : SATHWARA HITESH**